RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 425 Dt. 11-09-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# બાળકોને સોશિયલ મીડિયા વાપરતા રોકો

## અઢાર વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ અંગે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારતી સુપ્રીમ

નવી દિલ્હી, તા.૧૦

પ્રીમ કોર્ટે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ અંગે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. 'જસ્ટ રાઇટ્સ ફોર ચિલ્ડ્રન અલાયન્સ' NGOની અરજીમાં બાળકોની સુરક્ષા માટે માતા-પિતાની ફરજિયાત સંમતિ અને e-KYC જેવા કડક ઉપાયોની માંગ કરાઈ છે. Facebook, Snapchat જેવા પ્લેટફોર્મ ૧૩ વર્ષથી એકાઉન્ટ બનાવવા દે છે, જે ભારતીય કાયદા મુજબ સગીરો માટે જોખમી છે. અરજીમાં IT Rules ૨૦૨૧માં સુધારો કરવા અથવા નવી ગાઈડલાઈન્સ બનાવવાની માંગ કરાઈ છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને એક મહત્ત્વપૂર્ણ અરજી પર નોટિસ જારી કરી છે. આ અરજીમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગ દરમિયાન સુરક્ષાના કડક ઉપાયોની માગ કરવામાં આવી છે. જેમાં માતા-પિતા કે કાનૂની વાલીની અનિવાર્ય ભાગીદારી પણ સામેલ છે. 'જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન અલાયન્સ' નામના એનજીઓ દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે.



અરજીમાં જણાવવામાં આવ્યું છે કે ફેસબુક અને સ્નેપચેટ જેવા લોકપ્રિય પ્લેટફોર્મ યુઝર્સને ૧૩ વર્ષની ઉંમરથી જ એકાઉન્ટ બનાવવાની મંજૂરી આપે છે. જો કે, ભારતીય કાયદા અનુસાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના તમામ લોકોને સગીર (નાબાલિગ) માનવામાં આવે છે, જેના કારણે બાળકોની સુરક્ષા જોખમાઈ રહી છે.

અરજીમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ઈન્ટરમીડિયરી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રૂલ્સ, ૨૦૨૧ માં ફેરફાર કરવા અથવા ખાસ ગાઈડલાઈન્સ બનાવવા માટે નિર્દેશો માંગવામાં આવ્યા છે. તેનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ ડિજિટલ પ્લેટફોર્મ માતા-પિતા કે કાનૂની વાલીની સંમતિ વગર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળક સાથે કોઈ કરાર ન કરે અને આ માટે વાલીની ઓળખની પુષ્ટિ કે ઈ-કેવાયસી ફરજિયાત બને.

અરજીમાં એવી ગાઈડલાઈન્સની પણ માગ કરાઈ છે કે જ્યારે પણ કોઈ સગીરને ડિજિટલ પ્લેટફોર્મ વાપરવાની પરવાનગી આપવામાં આવે, ત્યારે તે વાલીઓની સક્રિય ભાગીદારી વાળી કાનૂની પ્રક્રિયા હેઠળ હોવી જોઈએ. આ પ્રક્રિયામાં સેવાની પ્રકૃતિ અને સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને માતા-પિતા કે વાલીનું વેરિફિકેશન અથવા ઈ-કેવાયસી પણ સામેલ હોવું જોઈએ. અરજીમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ડિજિટલ પ્લેટફોર્મ્સ સુધી બાળકોની આઝાદ અને અનિયંત્રિત પહોંચ તેમને અનેક જોખમોમાં ધકેલે છે. જેમાં ઓનલાઈન ગ્રોમિંગ, યૌન શોષણ, તસ્કરી, વ્યવહારની પ્રોફાઈલિંગ, ખાનગી ડેટાનો દુરુપયોગ, સાયબર-બુલિંગ અને વયજુથ પ્રમાણે યોગ્ય ન હોય તેવું કન્ટેન્ટ સામેલ છે.

## કેનેડાથી ડેરી ઉત્પાદનો, દારૂ, બાઈકની આયાત પર અમેરિકા પ્રતિબંધ મુકશે

# અમેરિકા-કેનેડા વચ્ચેનું વેપાર યુદ્ધ ચરમસીમાએ

નવી દિલ્હી, તા.૧૦

ટોરોન્ટો : યુનાઈટેડ સ્ટેટસે કેનેડાથી આયાત થતા ડેરી ઉત્પાદનો આલ્કોહોલના મોટા ભાગના પીણા અને મોટરસાયકલ પર પ્રતિબંધ મુકવાનું જાહેર કર્યું છે. અમેરિકા અને કેનેડા વચ્ચે વેપાર યુદ્ધ હવે તીવ્ર બન્યું છે. આગામી ત્રણ સપ્તાહમાં પ્રતિબંધ અમલમાં આવશે. વ્હાઈટ હાઉસે આ સંબંધમાં મંગળવારે જાહેરાત કરી હતી. આ અગાઉ મંગળવારે કેનેડાએ યુએસની ૨૦ અબજ ડોલર મૂલ્યની માલસામાનની આયાત પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો હતો.




અમેરિકી સરકારના જંગી અને લાંબા ગાળાના કોન્ટ્રેક્ટ્સમાંથી કેનેડાના ઉત્પાદનોને બહાર રાખવાનો નિર્ણય ટ્રમ્પે મંગળવારે જાહેર કર્યો હતો. ટ્રમ્પે યુએસ જનરલ સર્વિસિસ એડમિનિસ્ટ્રેશન (જીએસએ) કેનેડાના ઉત્પાદનોને કોન્ટ્રેક્ટ્સ માટે અપાત્ર ગણાવવાના નિર્દેશ આપ્યા હતા. કેનેડા જ્યાં સુધી અમેરિકાના ઉત્પાદનોને 'સંપૂર્ણ અને નિષ્પક્ષ પારસ્પરિકતાના આધારે છૂટ નહીં આપે ત્યાં સુધી કેનેડાના ઉત્પાદનોને અપાત્ર ગણાવવા ટ્રમ્પે જીએસએને આદેશ આપ્યો હતો. મંગળવારે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ કહ્યું હતું કે હવે વધુ સ્વતંત્ર બનવાની કેનેડાની વ્યૂહરચના છે. કોઈ પણ દેશ અમને દબાવી નહીં શકે તે સુનિશ્ચિત કરવા આત્મનિર્ભર બનવા પર કેનેડાએ ભાર મૂક્યો છે. અમારી ઈચ્છા મુજબ અમે જીવીશું તેવું કાર્નીએ કહ્યું હતું. યુરોપિયન યૂનિયન સાથે ગાઢ સંબંધો બનાવવાની દિશામાં કેનેડા પ્રયત્નો કરી રહ્યું છે. તેવું કેનેડાના એક અધિકારીએ કહ્યું હતું.

યુરોપીયન યુનિયન સાથેના હાલના કરારોનું વિસ્તરણ કરવા, નવી સંધિ કરવા અથવા અન્ય કોઈ પ્રકારે સહકાર આપવાના વિકલ્પો કેનેડા અજમાવશે.

આગામી સપ્તાહમાં કાર્ની ફ્રાન્સના સ્ટ્રાસબર્ગમાં જવાના છે. જ્યાં કાર્ની યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેપેનના ભાષણમાં હાજરી આપશે. તે પછીના દિવસે કાર્ની યુરોપિયન પાર્લામેન્ટને સંબોધન કરશે. અમેરિકા અને કેનેડા અર્થતંત્રો એક બીજા સાથે જોડાયેલા છે. તેમની વચ્ચે સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રે ગાઢ સંબંધ છે. ટ્રમ્પે કેનેડાના સામાન પર ટેરિફ્સ લગાવ્યા છે જે બંને દેશ વચ્ચેના નોર્થ અમેરિકન ટ્રેડ એગ્રીમેન્ટનું ઉલ્લંઘન કરે છે.

# શી જિનપિંગ ૭ વર્ષ પછી ભારતની મુલાકાતે

## મોદીના આમંત્રણથી ૧૨-૧૩મીએ નવી દિલ્હીમાં જોડાશે BRICS સમિટમાં





નવી દિલ્હી, તા.૧૦

ગલવાન સંઘર્ષ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધો વચ્ચે જે તિરાડ પડી હતી તે બાદ હવે બ્રિક્સ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષ પછી ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

ચીનના વિદેશ મંત્રાલયે આજે સત્તાવાર જાહેરાત કરી છે કે શી જિનપિંગ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી ૧૮મી ઇર્છ્ઈઈજ સમિટમાં ભાગ લેશે.આટલું જ નહીં બ્રિક્સ સમિટની સાથે ૧૨ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ચીનના પ્રમુખ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાય તેવી પણ પ્રબળ શક્યતાઓ છે. નોંધનીય છે કે આ અગાઉ કિર્ગિસ્તાનમાં શાંઘાઈ કોઓપરેશન ઑર્ગેનાઇઝેશન(જીઈઘ) સમિટ દરમિયાન બંને દેશના વડાઓએ મંચ શેર કરીને હાથ મિલાવ્યા હતા, પરંતુ કોઈ સત્તાવાર દ્વિપક્ષીય બેઠક થઈ નહોતી. તે ઉપરાંત ઑક્ટોબર ૨૦૨૪માં રશિયાના કઝાન ખાતે ઇર્છ્ઈઈજ સમિટ દરમિયાન બંને વચ્ચે મુલાકાત થઈ હતી.

શી જિનપિંગનો આ ભારત પ્રવાસ ૨૦૧૯ પછીનો પ્રથમ પ્રવાસ છે. ૨૦૧૯માં તેઓ ચેન્નાઈ નજીક મામલ્લાપુરમ ખાતે વડાપ્રધાન મોદી સાથે સમિટ માટે આવ્યા હતા. અગાઉ, તેઓ ૨૦૧૪માં બંને નેતાઓના પ્રથમ કાર્યકાળ દરમિયાન ભારત આવ્યા હતા અને ત્યારબાદ ૨૦૧૬માં ગોવા ખાતે યોજાયેલી બ્રિક્સ સમિટમાં ભાગ લીધો હતો. ૨૦૨૦ના જૂન મહિનામાં ગલવાન ઘાટીમાં થયેલા લોહિયાળ સંઘર્ષમાં ભારતના ૨૦ જવાનો વીરગતિ પામ્યા હતા, ત્યારથી સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ હતી. જોકે, બંને પક્ષોએ લાઇન ઑફ એક્ચ્યુઅલ કંટ્રોલ પરના વિવાદિત પોઇન્ટ્સ પરથી સૈનિકોને પાછા ખેંચીને પરિસ્થિતિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં સમગ્ર સીમા વિવાદ હજુ વણઉકેલાયેલો છે.

આ મુલાકાત પહેલાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે ઉચ્ચ સ્તરીય ચર્ચા માટે ચીનનો પ્રવાસ કર્યો હતો. સરહદ સંબંધી બાબતો માટેની 'વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન ઍન્ડ કોઓર્ડિનેશન' (ઠખઈઈ) અને બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે બેઠકોનો દોર ચાલ્યો હતો. આ આગામી બેઠકમાં સરહદી સમસ્યા, પ્રાદેશિક સુરક્ષા, વેપાર અને રોકાણ, લોકો વચ્ચેના આદાન-પ્રદાન તેમજ કઅઈ પર તણાવ અટકાવવાની કાયમી વ્યવસ્થાઓ પર ચર્ચા થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં અસ્થિરતા, અમેરિકાના ટેરિફ પગલાં અને રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ભારત અને ચીનનું સાથે આવવું વૈશ્વિક સ્તરે અત્યંત અગત્યનું છે.વૈશ્વિક નેતાઓના આગમનને ધ્યાનમાં રાખીને રાજધાની દિલ્હીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઍરપોર્ટ, હોટલો અને મુખ્ય કાર્યક્રમ સ્થળ 'ભારત મંડપમ' ખાતે આશરે ૩૦,૦૦૦ જેટલા સુરક્ષાકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે, જેમાં અડધા દિલ્હી પોલીસના અને બાકીના અર્ધલશ્કરી દળોના જવાનો છે.

## ઈરાન સંઘર્ષ વચ્ચે વધુ એક મોટું સંકટ!

# મોચા શહેર પર હુથીઓનો કબજો

## સાઉદી સરહદે ભીષણ અથડામણ, યમન સરકારની પુષ્ટિ

નવી દિલ્હી, તા.૧૦

યમનમાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ લાલ સમુદ્રના અત્યંત મહત્ત્વ પૂર્ણ બંદર શહેર મોચા પર કબજો જમાવી લીધો છે. યમન સરકારના ૩ અધિકારીઓએ આ વાતની પુષ્ટિ કરી છે. મોચા શહેર બાબ-અલ-મંદેબ સ્ટ્રેટથી ૫૦ માઈલ કરતા પણ ઓછા અંતરે આવેલું છે. ગુરુવારે સવારે યમનની સરકારી સેના પાછળ હટી ગઈ હતી અને હુથી લડવૈયાઓ આગળ વધી ગયા હતા. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર પણ શહેરની અંદર હુથી લડવૈયાઓની હાજરી દર્શાવતા તસવીરો અને વીડિયો સામે આવ્યા છે.

મોચા પર આ કબજો હુથીઓ માટે એક મોટી સફળતા માનવામાં આવે છે. આનાથી લાલ સમુદ્ર અને બાબ-અલ-મંદેબ વિસ્તારમાં તેમનો પ્રભાવ વધુ મજબૂત બની શકે છે. જોકે, હુથીઓ સામે લડી રહેલા નેશનલ રેઝિસ્ટન્સ ફ્રન્ટે જણાવ્યું છે કે તેના એક કમાન્ડર લશ્કરી ટુકડી સાથે ગુરુવારે સવારે મોચામાં દાખલ થયા છે. સંગઠને સ્પષ્ટતા કરી છે કે એન્ટી-હુથી ગઠબંધન સાથે મળીને



મોચાની સુરક્ષા વ્યવસ્થા ફરીથી ગોઠવવા અને તેને મજબૂત બનાવવાનું કામ ચાલી રહ્યું છે. નેશનલ રેઝિસ્ટન્સ ફ્રન્ટના જણાવ્યા અનુસાર, તેમના સૈનિકો અને હુથી નૌકાદળ વચ્ચે પણ અથડામણ થઈ છે.

યમન સરકારના ૪ લશ્કરી સૂત્રોના જણાવ્યા અનુસાર, હુથીઓ બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ પર પોતાનો પ્રભાવ વધારવાની ખૂબ નજીક પહોંચી ગયા છે. આ સમુદ્રી માર્ગ વિશ્વના સૌથી મહત્ત્વ પૂર્ણ વેપારી માર્ગો પૈકીનો એક છે. હુથીઓ મોચા અને ધુબાબ જેવા દરિયાકાંઠાના શહેરો પર પોતાની પકડ મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યા છે, કારણ કે આ શહેરો સીધા બાબ-અલ-મંદેબની નજીક આવેલા છે. બાબ-અલ-મંદેબ લાલ સમુદ્રનો દક્ષિણ પ્રવેશદ્વાર છે, જે યમનને આફ્રિકન દેશો જિબૂતી અને એરિટ્રિયાથી અલગ કરે છે. ખાડી દેશોમાંથી ક્રૂડ ઓઈલ અને ઈંધણ આ જ દરિયાઈ માર્ગે ભૂમધ્ય સમુદ્ર તરફ જાય છે. આ સિવાય એશિયા તરફ આવતા-જતા મોટાભાગના માલસામાનની હિલચાલ પણ આ જ વ્યૂહાત્મક માર્ગ દ્વારા થાય છે. છેલ્લા કેટલાક દિવસોમાં હુથીઓ અને સાઉદી અરેબિયા સમર્થિત યમન સરકારી દળો વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. વર્ષ ૨૦૨૨ માં સંયુક્ત રાષ્ટ્ર (ગ્ગ) ની મધ્યસ્થીથી થયેલા યુદ્ધવિરામે યમનમાં લાંબા સમયથી ચાલતા યુદ્ધને મોટા પાયે શાંત કર્યું હતું, પરંતુ આ કરાર હવે નબળો પડી રહ્યો હોય તેવું જણાય છે.

# ચીનમાં કાર્ગો જહાજમાં આગ, ૨૫ મોત

## શી જિનપિંગે બચાવ કાર્ય ઝડપી બનાવવા આદેશ



નવીદિલ્હી, તા. ૧૦

ચીનના એક બંદર પર એક કાર્ગો જહાજમાં આગ લાગવાથી પચીસ લોકોના મોત થયા છે અને પાંચ અન્ય ગુમ થયા છે. ચીનના રાજ્ય મીડિયાએ ગુરુવારે અહેવાલ આપ્યો હતો કે ચીનના એક બંદર પર ડોક કરાયેલા કાર્ગો જહાજમાં આગ લાગવાથી ૨૫ લોકો માર્યા ગયા છે અને પાંચ અન્ય ગુમ છે. આ જહાજની ઓળખ ''ઓશન મેલોડી'' તરીકે કરવામાં આવી છે. જાહેર જહાજ-ટ્રેકિંગ વેબસાઇટ ''વેસેલફાઇન્ડર'' અનુસાર, આ જહાજ લાઇબેરિયન ધ્વજ હેઠળ સફર કરે છે. કુલ ૪૨ લોકો સવાર હોવાનું જાણવા મળ્યું છે, જેમાંથી ૧૨ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ નથી. આ ઘટના બાદ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તાત્કાલિક શોધ અને બચાવ કામગીરીનો આદેશ આપ્યો છે. શિન્હુઆ અનુસાર, રાષ્ટ્રપતિ શી જિનપિંગે તાત્કાલિક શોધ અને બચાવ કામગીરીનો આદેશ આપ્યો છે. તેમણે ગુમ થયેલા લોકોની તાત્કાલિક શોધ અને ઘટના માટે જવાબદારી નક્કી કરવા પણ હાકલ કરી છે. ચીનના એક બંદર પર ડોક કરાયેલા કાર્ગો જહાજમાં આગ લાગવાથી પચીસ લોકોના મોત થયા છે. ઘટના બાદ પાંચ લોકો ગુમ થયાના અહેવાલ છે, જ્યારે ૧૨ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.

હોંગકોંગ સ્થિત સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટ અનુસાર, રાષ્ટ્રપતિ શી જિનપિંગે શોધ અને બચાવ કામગીરીને ઝડપી બનાવવાનો આદેશ આપ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે ચીનમાં અકસ્માત પછી ટોચના નેતૃત્વ દ્વારા આવા નિર્દેશો ભાગ્યે જ આપવામાં આવે છે. તેમાં જણાવાયું છે કે જિનપિંગે આગના કારણની ઝડપી તપાસ અને પીડિતોને તાત્કાલિક સહાય આપવાનો પણ આદેશ આપ્યો છે. અહેવાલમાં જિનપિંગને ટાંકીને કહેવામાં આવ્યું છે કે તમામ પ્રદેશો અને સંબંધિત વિભાગોએ ''આ આગની ઘટનામાંથી ગંભીર પાઠ શીખવો'' જોઈએ, નિવારક પગલાં મજબૂત કરવા જોઈએ અને ''જીવન અને સંપત્તિનું રક્ષણ કરવા માટે મોટા અકસ્માતોને રોકવા માટે કડક પગલાં લેવા જોઈએ.

### સાધુ વાસવાણી રોડ પર બનેલી સામુહિક આપઘાતની ઘટનામાં યુનિવર્સિટી પોલીસે કોલ રિકોર્ડિંગને આધારે ગુનો નોંધ્યો

# લોહાણા દંપતી-પુત્રએ વ્યાજખોરની ધમકીથી જીવ દીધો'તો

## એસ્ટ્રોન ચોક લેન્ડમાર્ક બિલ્ડીંગમાં યુવકને ગોંધી રાખી ધમકી આપીઃ સોનાની વીંટીઓ છોડાવ્યા બાદ વધુ ૯૭,૦૦૦ માટે કરવા માનસિક ત્રાસ આપ્યો હતો
## મોબાઈલ રેકોર્ડિંગમાંથી કરુણ સત્ય બહાર આવ્યુંઃ 'અમારી પાછળ તારે આવવું પડશે' કહી સમગ્ર પરિવારે જીવન ટૂંકાવવાનો ખોફનાક નિર્ણય લીધો

રાજકોટ, તા. ૧૦

શહેરના સાધુ વાસવાણી રોડ પર રહેતા એક જ પરિવારના ત્રણ સભ્યોએ વ્યાજનો અતિશય ત્રાસ અને ગેરકાયદે ગોંધી રાખી આપાતી ધમકીઓથી કંટાળીને ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ કરુણ બનાવ અંગે મૃતકના ભત્રીજા ભાવિનભાઈ રસિકભાઈ ખખ્ખરે ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન ખાતે વ્યાજખોર શખ્સ સામે વિધિવત ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગતવાર માહિતી જોઈએ તો ગત તા. ૨૭/૦૭/૨૦૨૬ ના રોજ સાંજના સમયે પ્રહલાદ પ્લોટ વિસ્તારમાં રહેતા ભાવિનભાઈ ખખ્ખરને ન્યૂઝ મારફતે જાણવા મળેલ કે તેમના કૌટુંબિક કાકા દિલીપભાઈ નટવરલાલ ખખ્ખર, તેમના પત્ની સ્મિતાબેન તથા તેમનો ૩૨ વર્ષીય પુત્ર નિશિતભાઈ ખખ્ખરે ઝેરી દવા ગટગટાવી લીધી છે. સારવાર અર્થે તેમને રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ ત્રણેય સભ્યોના કરુણ મોત નિપજ્યા હતા.

ઘટના બાદ મૃતક નિશિતના મોબાઈલ ફોનમાંથી મળી આવેલ કોલ રેકોર્ડિંગ પરથી વ્યાજખોરી અને ધમકીનો ચોંકાવનારો પર્દાફાશ થયો હતો. રેકોર્ડિંગ મુજબ, બનાવના દિવસે બપોરના સમયે નિશિત એસ્ટ્રોન ચોક ખાતે આવેલ લેન્ડમાર્ક બિલ્ડીંગમાં વ્યાજખોરની ઓફિસે હાજર હતો. નિશિતે પુનાવાલા ફાઈનાન્સમાંથી પોતાની સોનાની બે વીંટી પર લોન લીધી હતી, જેને આ ઓફિસવાળાએ પોતાના પૈસા આપી છોડાવી લીધી હતી અને વીંટીઓ પોતાની પાસે રાખી લીધી હતી.

આ શખ્સે સોનાની મૂળ બજાર કિંમત ગણી, અગાઉ આપેલા ૨૨ લાખ રૂપિયા અને



અન્ય હિસાબ બાદ પણ વધુ ૯૭,૦૦૦ ની ગેરકાયદે માંગણી કરી હતી. આ રકમ ન ચૂકવાય ત્યાં સુધી નિશિતને ઓફિસમાં ગોંધી રાખવામાં આવ્યો હતો અને ધમકી આપવામાં આવી હતી કે જો પૈસા નહીં મળે તો તેને રાત્રે ઓફિસમાં જ પૂરી દેવામાં આવશે.

ઓડિયો રેકોર્ડિંગમાં નિશિત પોતાના પિતા દિલીપભાઈને ફોન કરીને આ શખ્સ સાથે વાત કરાવે છે અને વિનંતી કરે છે કે તેને જવા દે. દિલીપભાઈએ તેને અગાઉ મકાન અને સોનું વેચીને તમામ પૈસા ચૂકવી દીધા હોવાની કરગરતી રજૂઆત કરી હતી, તેમ છતાં તેણે કોઈ રાહત આપી નહોતી. કોઈ રસ્તો ન જણાતા આખરે પિતા-પુત્ર વચ્ચે આત્યંતિક પગલું ભરવા અંગે વાતચીત થઈ હતી. પિતાએ નિશિતને કહ્યું હતું કે ''અમારી પાછળ તારે આવવું પડશે'', જેની સામે નિશિતે પણ પરિવાર સાથે અંતિમ પગલું ભરવા સંમતિ આપી હતી.

ઓફિસેથી મુક્ત થઈ ઘરે પરત ફર્યા બાદ નિશિત, તેના પિતા દિલીપભાઈ (ઉ.વ. ૭૨) અને માતા સ્મિતાબેન (ઉ.વ. ૬૫)બેમ ત્રણેય જણાએ એકી સાથે સેલ્ફોસ નામની ઝેરી દવા પીને પોતાની જિંદગીનો અંત આણ્યો હતો. બનાવ બાદ પરિવારજનો શોકમાં હોય અને અંતિમવિધિમાં રોકાયેલ હોય, આખરે લોહાણા સમાજના સામાજિક આગેવાનો અને મિત્રોની હાજરીમાં ભાવિનભાઈ ખખ્ખરે ફરિયાદ નોંધાવી છે. પીઆઇ કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એચ.એમ. ચાવડાએ બનાવ અંગે માનસિક-શારીરિક ત્રાસ આપી આત્મહત્યા માટે મજબૂર કરવાનો અને ગોંધી રાખવાનો ગુનો નોંધી આગળની કાયદેસરની તજવીજ હાથ ધરી છે.

# ડ્રગ્સ મુક્ત રાજકોટ માટે શહેર SOGએ શરૂ કરી ઝુંબેશ અને જનજાગૃતિ અભિયાન

## ચછ કોડની સુવિધા ઉપલબ્ધ કરાવીને માહિતી આપવા પોલીસનો અનુરોધ




રાજકોટ, તા.૧૦

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયા દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ન ચડે તથા નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા ''SAY NO TO DRUGS મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે. આ સંબંધે એસ.ઓ.જી. પીઆઈ એન. બી.ચૌધરીની રાહબરી હેઠળ રાજકોટ શહેર એસ.ઓ.જી. શાખા દ્વારા રાજકોટ શહેરને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે સતત અસરકારક કામગીરીઓ હાથ ધરવામાં આવી રહી છે. રાજકોટ શહેરને નશામુક્ત અને સુરક્ષિત શહેર બનાવવાના હેતુસર રાજકોટ શહેર પોલીસ દ્વારા ડ્રગ્સ વિરોધી જનજાગૃતિ અને જનભાગીદારી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ડ્રગ્સની હેરાફેરી, વેચાણ કે અન્ય ગેરકાયદેસર ડ્રગ્સ પ્રવૃત્તિ અંગેની કોઈપણ માહિતી નાગરિકો પોલીસ સુધી આસાનીથી પહોંચાડી શકે તે માટે ચછ કોડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ અભિયાનમાં નાગરિકોની સક્રિય ભાગીદારી ખૂબ જ મહત્વપૂર્ણ છે. રાજકોટ શહેરમાં કોઈપણ વ્યક્તિ દ્વારા ડ્રગ્સનું વેચાણ કરવામાં આવતું હોય, ડ્રગ્સની હેરાફેરી થતી હોય, કોઈ સ્થળે ડ્રગ્સનો સંગ્રહ કરવામાં આવતો હોય અથવા અન્ય કોઈ ગેરકાયદેસર નશાકારક પ્રવૃત્તિ અંગે માહિતી હોય તો નાગરિકો તે માહિતી રાજકોટ શહેર પોલીસ સુધી પહોંચાડી શકે છે.

રાજકોટ શહેરના નાગરિકો ચછ કોડ સ્કેન કરીને ડ્રગ્સ સંબંધિત માહિતી પોલીસને આપી શકશે અને માહિતી આપનારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. રાજકોટ શહેરને ડ્રગ્સ મુક્ત અને સુરક્ષિત શહેર બનાવવા માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા નાગરિકોને કોઈપણ પ્રકારના ભય કે સંકોચ વિના ડ્રગ્સ સંબંધિત શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે પોલીસને જાણ કરવા અને આ અભિયાનમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવે છે. ડ્રગ્સ માત્ર વ્યક્તિના સ્વાસ્થ્યને જ નહિ પરંતુ પરિવાર, યુવા પેઢી અને સમગ્ર સમાજના ભવિષ્યને નુકસાન પહોંચાડે છે, જેથી ડ્રગ્સના દુષણ સામેની લડાઈ માત્ર પોલીસની નહીં પરંતુ સમગ્ર સમાજની જવાબદારી હોવાનું કહેવું ઉચિત લાગે છે.

### વાલીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ટપોરી અને તેની બહેનને શોધતી થોરાળા પોલીસ

# તરૂણીને પજવનાર ટપોરી સામે પોક્સો

રાજકોટ, તા.૧૦

રાજકોટ શહેરના એક વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય તરૂણીને બામણમોર નજીકના ગારીડા ગામના ગોપાલ બથવારે વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ મારફત સંપર્કમાં આવ્યા બાદ વારંવાર મેસેજની આપલે થતી હતી. સમય જતા બંને વચ્ચે કોઈ બાબતે વાંધો પડતા તરૂણીએ વાતચીત અને મેસેજ કરવાનું બંધ કરી દીધું હતું. ત્યારબાદ ધરાર પ્રેમી બનેલા ગોપાલ બથવારે તરૂણીની પાછળ હાથ ધોઈને પડી જઈને તે સ્કૂલે કે ટ્યુશને જાય ત્યારે પાછળ જઈને જો વાત નહીં કરે તો જૂની ચેટ વાયરલ કરી દેવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું.

ગોપાલની આ પ્રકારની ધમકીઓથી ડરી ગયેલી તરૂણીએ અંતે પોતાના વાલીને આખી હકીકત જણાવી હતી. વાલીઓએ હિંમત દાખવીને થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગોપાલ બથવાર તેમજ તેની સગી બહેન (કે જે તરૂણીની કૌટુંબિક કાકી થાય છે અને તરૂણીના ઘરની બાજુની સોસાયટીમાં રહે છે) સામે ગુનો નોંધી બંનેની શોધખોળ આદરી છે.



તપાસનીસ મહિલા પોલીસ અધિકારી કારેચાના જણાવ્યા અનુસાર, તરૂણીના વાલીની ફરિયાદના આધારે મુખ્ય આરોપી ગોપાલ બથવાર સામે પોક્સો (POCSO) હેઠળ અને તેની બહેન સામે ગુનામાં મદદગારી કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે આરોપી ગોપાલની સગી બહેન તરૂણીના નિવાસસ્થાન નજીક જ રહેતી હોવાથી ગોપાલની ચિઠ્ઠીઓ તરૂણીના ઘરે પહોંચાડવા જતી હતી અને બળજબરીપૂર્વક તરૂણીને તેના ભાઈ ગોપાલ સાથે વિડિયો કોલથી વાત કરાવતી હતી. હાલ પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ખાટકીવાડમાં મોડી રાત્રે જૂની અદાવતમાં તોડફોડ

## અગાઉના ઝઘડાનું વેર રાખી અલ્તાફ ખીયાણી અને તેની સાથેના શખસોએ કાર, રિક્ષા અને બે બાઇકમાં તોડફોડ

રાજકોટ, તા.૧૦

રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલ મોચી બજાર, ચાંબડીયા ખાટકીવાડ, સંધીના ડેલા પાસે ગઈકાલે બુધવારે મોડી રાત્રે તોડફોડ અને ધમકીનો બનાવ બન્યો છે. આ ઘટના અંગે મોચી બજાર ખાતે રહેતા અને રિક્ષા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૬૮ વર્ષીય રજાકભાઈ સીદીકભાઈ શેખે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અલ્તાફ બશીર ખીયાણી તથા અન્ય અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગત મુજબ, તારીખ ૦૯/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે રજાકભાઈ પોતાના ઘરે સુતા હતા ત્યારે બહાર મોટો અવાજ આવતા તેમણે દરવાજો ખોલીને જોયું હતું. ઘરની બહાર ધોકા અને પાઈપ જેવા હથિયારો સાથે કેટલાક શખસો પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ કરી રહ્યા હતા. આ હુમલાખોરોએ રજાકભાઈની બી.એમ.ડબ્લ્યુ કાર (UL-01-CP-5868)નો પાછળનો કાચ અને નંબર પ્લેટ તોડી નાખ્યા હતા, તેમજ તેમની રિક્ષા (GJ-03-BX-6104)નો આગળનો કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હતું. આ ઉપરાંત, તેમના ભત્રીજા અખ્તર મુસ્તાર શેખના આર-વન ફાઈવ બાઈક (GJ-03-HP-7032) અને એક્સેસ બાઈક (GJ-03-NQ-1426)ના મોરા, ટાંકી અને લાઈટોમાં ભારે તોડફોડ કરી હતી.



રજાકભાઈએ વાહનોમાં નુકસાન કરવાની ના પાડતા આરોપીઓએ તેમને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાજુના ફ્રુટના ગોડાઉનમાં કામ કરતા પ્રત્યક્ષદર્શી હિમાંશુ બલદાઈ પાસેથી મળતી માહિતી અનુસાર, ગોડાઉન માલિક સબીરભાઈ સાથે અગાઉ થયેલા ઝઘડાનું વેર રાખી અલ્તાફ ખીયાણી અને તેના સાથીદારોએ આ તોડફોડ આચરી હતી. રાજકોટ એ-ડિવિઝન પોલીસે આ મામલે રજાકભાઈ શેખની ફરિયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૨૪, ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫(૧) (હથિયારબંધી જાહેરનામાના ભંગ) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ સંજય ચૌહાણએ હાથ ધરી છે.

### જીવન, સંઘસાધના અને રાષ્ટ્રસમર્પણની યાત્રા દેશના યુવાનો અને સ્વયંસેવકો માટે પ્રેરણારૂપ

# RSSના સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીનો જન્મ દિવસ



રાજકોટ, તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વર્તમાન સરસંઘચાલક પૂજનીય ડો. મોહનજી ભાગવતનું જીવન એ માત્ર એક વ્યક્તિગત વ્યક્તિત્વની ગાથા નથી, પરંતુ રાષ્ટ્રનિર્માણ અને કઠિન સાધનાનો એક દીર્ઘ અધ્યાય છે. ૧૧ સપ્ટેમ્બરના રોજ જન્મેલા ડો. મોહનજી ભાગવતે બાળપણથી જ સંઘના સંસ્કારોને પોતાના જીવનમાં આત્મસાત કરી, રાષ્ટ્રસેવાને જ પોતાનું સર્વસ્વ માની લીધું છે. આજે તેમનું જીવન સમગ્ર દેશના યુવાનો અને સ્વયંસેવકો માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

માહનજી ભાગવતનો જન્મ ૧૧ સપ્ટેમ્બર ૧૯૫૦ ના રોજ મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશના ચંદ્રપુર ગામમાં થયો હતો. તેમના પરિવારમાં રાષ્ટ્રભક્તિ અને સંઘના સંસ્કારો લોહીમાં વણાયેલા હતા. તેમના પિતા માનનીય મધુકરરાવજી ભાગવત ૧૯૪૪ થી ૧૯૫૧ સુધી ગુજરાતમાં સંઘના પ્રાંત પ્રચારક તરીકે સક્રિય રહ્યા હતા. મધુકરરાવજીની મિષ્ટ વાણી અને ઉત્તમ વ્યવહારે તે છ વર્ષનાળામાં ગુજરાતના લગભગ ૧૧૫ ગામોમાં સંઘકાર્યની મજબૂત શાખાઓની જાળ પાથરી હતી. માત્ર પિતા જ નહીં, પરંતુ તેમના માતાજી પણ રાષ્ટ્રસેવિકા સમિતિના માધ્યમથી સક્રિયપણે સામાજિક અને રાષ્ટ્રસેવાનું કાર્ય કરતાં હતા. આવા પવિત્ર, સંસ્કારી અને રાષ્ટ્રવાદી વાતાવરણમાં મોહનજીનો ઉછેર થયો હતો. ઘરનું વાતાવરણ સંપૂર્ણપણે વૈચારિક અને સંઘમય હોવા છતાં, ડો. મોહનજી ભાગવતે પોતાના શૈક્ષણિક અભ્યાસમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તેમણે પંજાબરાવ કૃષિ વિદ્યાપીઠમાંથી વેટરનરી ડોક્ટર (પશુચિકિત્સા) ની ઉચ્ચ ઉપાધિ મેળવી હતી. પ્રોફેશનલ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે પોતાના જીવનનું લક્ષ્ય માત્ર વ્યક્તિગત કારકિર્દી બનાવવાનું નહીં, પરંતુ દેશ અને સમાજ માટે સમર્પિત રહેવાનું પસંદ કર્યું.

ઘરના સંસ્કારોને કારણે મોહનજી શિશુવયથી જ સંઘની શાખામાં નિયમિત જવા લાગ્યા હતા. બાળપણના આ સંસ્કારો જ તેમના ભવિષ્યના જીવનનો આધાર બન્યા. વર્ષ ૧૯૭૫ માં તેઓ પોતાનું ઘરબાર છોડીને સત્તાવાર રીતે સંઘના પૂર્ણવકાલીન પ્રચારક તરીકે બહાર નીકળ્યા અને રાષ્ટ્રસેવાને જ પોતાના જીવનનું પ્રયોજન બનાવી દીધું.

### સંગઠનમાં વિવિધ જવાબદારીઓ અને સફર

દેશમાં કટોકટી દૂર થયા બાદ અને લોકશાહી પુનઃસ્થાપિત થયા પછી, મોહનજી ભાગવતને સંગઠનમાં એક પછી એક મહત્વપૂર્ણ અને જવાબદારીપૂર્વકના પદો સોંપવામાં આવ્યા. જેમાં ૧૯૭૭માં તેમને નાગપુર અને વિદર્ભ વિભાગના પ્રચારકની મહત્વની જવાબદારી સોંપવામાં આવી.૧૯૮૭માં અખિલ ભારતીય સહસરકાર્યવાહ તરીકેની જવાબદારી સંભાળી.૧૯૯૧માં અખિલ ભારતીય શારીરિક શિક્ષણ પ્રમુખ તરીકે સંગઠનને મજબૂત બનાવ્યું. ૧૯૯૯માં અખિલ ભારતીય પ્રચારક પ્રમુખ તરીકેનું ઉત્કૃષ્ટ દાયિત્વ નિભાવ્યું. ૨૦૦૦માં જ્યારે સંઘના તત્કાલીન સરકાર્યવાહ માનનીય શેષાદ્રિજીએ શારીરિક નાદુરસ્તીના કારણે નિવૃત્તિ લીધી, ત્યારે મોહનજીને અખિલ ભારતીય સરકાર્યવાહની સર્વોચ્ચ જવાબદારી સોંપવામાં આવી, જે તેમણે વર્ષ ૨૦૦૯ સુધી અત્યંત કુશળતા અને સુપેરે નિભાવી.

### સરસંઘચાલક તરીકે રાષ્ટ્રનું માર્ગદર્શન

વર્ષ ૨૦૦૯ થી ડો. મોહનજી ભાગવત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર્વોચ્ચ પદ એટલે કે 'સરસંઘચાલક' તરીકેની ગરિમાપૂર્ણ જવાબદારી નિભાવી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ સંઘે દેશના સામાજિક સમરસતા, પર્યાવરણ સંવર્ધન, કુટુંબ પ્રબોધન અને સ્વદેશી જેવા વિષયો પર વ્યાપક જાગૃતિ અભિયાન ચલાવ્યા છે. તેમની સાદગી, મૃદુ સ્વભાવ, સચોટ માર્ગદર્શન અને રાષ્ટ્રપ્રેમ પ્રત્યેની અડગ નિષ્ઠા આજે કરોડો કાર્યકર્તાઓ માટે પ્રેરણાસ્રોત છે. ડો. મોહનજી ભાગવતનું સમગ્ર જીવન એ રાષ્ટ્રની આરાધના અને સંગઠન સમર્પિત જીવનનું એક ઉત્તમ જીવંત ઉદાહરણ છે.

### કટોકટી કાળનો અગ્નિપરીક્ષાનો સમય અને ભૂગર્ભવાસ

તેમના જીવનમાં એક સમય એવો પણ આવ્યો જ્યારે દેશમાં કટોકટી (ઇમરજન્સી) જાહેર કરવામાં આવી. આ એ સમય હતો જ્યારે લોકશાહીનું ગળું ઘોંટી દેવામાં આવ્યું હતું અને સંઘ પર પ્રતિબંધ મૂકીને હજારો સ્વયંસેવકોની ધરપકડ કરવામાં આવી રહી હતી. કટોકટી જાહેર થતાં જ મોહનજીએ ભૂગર્ભવાસ સ્વીકાર્યો અને છુપાઈ રહીને પણ ગુપ્ત રીતે સંઘકાર્યનું સચોટ દિશાદર્શન કર્યું. આ કાળખંડમાં તેમના સમગ્ર પરિવાર પર કસોટી આવી પડી હતી; કટોકટી દરમિયાન પિતાજી, માતાજી અને ભાઈ ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. મોહનજી પોતે ભૂગર્ભમાં હતા, ત્યારે ઘરની જવાબદારી તેમના નાના બે ભાઈ-બહેનો પર આવી પડી, પરંતુ તેમણે પણ અદ્ભુત હિંમત દાખવીને ઘર સંભાળ્યું અને પારિવારિક વહેવાર ચલાવ્યો. દેશ અને પરિવાર પર આવેલા આ સંકટના સમયમાં આખા પરિવારે અસાધારણ મનોબળનો પરિચય આપ્યો હતો.

## કોર્પોરેશનમાં સસ્પેન્શનના પગલે ટેકનિકલ પાંખમાં ભભૂકતો રોષ

# ન્યાયના સિદ્ધાંતના હનન સામે એન્જિનિયરો આકરા પાણીએ

### શો-કોઝ નોટિસ વિના સીધી કાર્યવાહીઃ શિસ્તભંગના નિયમોનો ઉલ્લેખ કેમ નહીં? : મ્યુ. કમિશ્નરને પાઠવ્યું આવેદન

રાજકોટ, તા.૧૦

નવા રિંગ રોડ પર ૪૦ કરોડના ખર્ચે બની રહેલા ત્રણ માઈનોર બ્રિજના કામમાં ગુણવત્તાહીન કામગીરી અને બેદરકારીના પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટના રિપોર્ટને આધારે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા બે ઈજનેરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાતાં છબઈના ટેકનિકલ સ્ટાફમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ કાર્યવાહીના ઘેરા પ્રત્યાઘાત વચ્ચે રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા કમિશનરને એક ધારદાર આવેદનપત્ર પાઠવીને સસ્પેન્શન હુકમ તુરંત સ્થગિત કરવા બુલંદ માંગ કરી છે.

એસોસિએશનના હોદ્દેદારોએ રજૂઆતમાં સ્પષ્ટ કર્યું છે કે, ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર વિજય કારિયા અને આસિસ્ટન્ટ એન્જિનિયર વી.એમ. વાગડિયા સામે શિસ્તભંગની કોઈ નિયમાનુસાર તપાસ કર્યા વગર કે પ્રાથમિક શો-કોઝ નોટિસ આપ્યા વિના જ સીધી ફરજમોકૂફીનો હુકમ ઠોકી બેસાડવામાં આવ્યો છે. કોઈ પણ અધિકારીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપ્યા વિના કરાયેલી આ કાર્યવાહી 'કુદરતી ન્યાયના સિદ્ધાંત'નું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે. પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપ્યા વિના કરાયેલા આ ઓર્ડરને તાત્કાલિક અસરથી રદ કરવાની માંગ સાથે એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે, બ્રિજકામની ગેરરીતિ અંગે પહેલાં એક તટસ્થ તપાસ કમિટીની રચના કરવી જોઈએ અને તેના નિષ્પક્ષ રિપોર્ટ બાદ જ નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી થવી જોઈએ.



આ ઉપરાંત તંત્રની આંતરિક વાસ્તવિકતા અને વિષમ સ્થિતિનો ચિતાર આપતાં જણાવાયું હતું કે, વી.સી. કારિયા પાસે વોર્ડ નંબર ૯ સિવાય વોર્ડ નંબર ૧૦નો પણ વધારાનો ચાર્જ હતો. વેસ્ટ ઝોનમાં ચાલી રહેલા મોટા પ્રોજેક્ટ્સનું સંચાલન કરવા માટે ખરેખર અલગથી સ્ટાફનું સેટઅપ આપવું અનિવાર્ય છે, જેનો અભાવ હોવા છતાં તેમજ વી.એમ. વાગડિયા પાસે ક્ષમતાથી વધુ અઢળક કામનું ભારણ હોવા છતાં બંને અધિકારીઓ નિષ્ઠાપૂર્વક પોતાની ક્ષમતા મુજબ ફરજ બજાવતા રહ્યા છે. આવા સંજોગોમાં તેમની મહેનતની કદર કરવાના બદલે કરાયેલી આ બલિદાનની કાર્યવાહી અન્યાયી છે. આવેદનમાં લટકી રહેલા અન્ય ૧૨ જેટલા પડતર પ્રશ્નોના ઉકેલની પણ ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી. સાથોસાથ ભૂતકાળના આકસ્મિક બનાવો સંદર્ભે સસ્પેન્ડ થયેલા અને હાલ અદાલતમાંથી જામીનમુક્ત થયેલા અધિકારીઓ-કર્મચારીઓને સેવા નિયમો અને શિસ્ત-અપીલ સંબંધી કાયદા મુજબ ત્વરિત પુનઃસ્થાપિત કરવા વિચારણા કરવાની પણ મજબૂત માંગણી કરવામાં આવી છે.

### અણધારી ઘટનાઓ વખતે કર્મચારીઓને કાયદાકીય રક્ષણ આપવા અંગે આવેદનપત્ર

કોર્પોરેશનમાં ફરજ બજાવતા ઈજનેરો અને કર્મચારીઓ વિવિધ જટિલ અને જોખમી કામગીરી સાથે જોડાયેલા છે. કોઈ આકસ્મિક ઘટના કે બનાવ વખતે કર્મચારીઓની સલામતી અને કોર્પોરેશનની ગરિમા જળવાઈ રહે તે માટે નીચે મુજબની બાબતો ધ્યાને લઈ તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવા જણાવ્યું છે. કોઈપણ આકસ્મિક ઘટનામાં જો અધિકારી કે કર્મચારીની સંડોવણી જણાતી હોય, તો પોલીસ દ્વારા સ્વતંત્ર કાયદાકીય તપાસ થાય તેની સામે વાંધો નથી. પરંતુ સાથે સાથે કોર્પોરેશનના સેવા નિયમો મુજબ જ વિભાગીય તપાસ અને શિસ્તભંગના પગલાં લેવા જોઈએ. સરકારી કામગીરી દરમિયાન થતા નુકસાન, ઘર્ષણ કે સામૂહિક દબાણના કિસ્સામાં અધિકારીઓ અને કર્મચારીઓને તંત્ર તરફથી પૂરતું કાયદાકીય અને સલામતી વિષયક રક્ષણ મળવું જરૂરી છે.

# ગ્રામસેવકો આરપારના મૂડમાં

### ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી



રાજકોટ, તા. ૧૦

રાજ્યમાં લાંબા સમયથી ઉકેલાયા વિના રઝળતા પ્રશ્નો તેમજ રેવન્યુ તલાટી, તલાટી-કમ-મંત્રી અને ખેતી મદદનીશ જેવા અન્ય સંવર્ગોની કામગીરીનું અનાવશ્યક દબાણ કરવામાં આવતું હોવાના વિરોધમાં ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનના મંડાણ કરવામાં આવ્યા છે. ગ્રામસેવકોના પડતર પ્રશ્નો અંગે કોઈ સકારાત્મક ઉકેલ ન આવતા આજે રાજકોટ જિલ્લાના ગ્રામસેવકો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને અધિક કલેક્ટર બારોટને આવેદનપત્ર સુપ્રત કરી આક્રોશપૂર્ણ રજૂઆત કરી હતી.

આ અંગે ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના ઉપપ્રમુખ કેવલ ગોડેશ્વરે આંદોલનની રણનીતિ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, આંદોલનના પ્રથમ તબક્કામાં ૦૮ સપ્ટેમ્બરના રોજ તમામ ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ નક્કી કર્યા મુજબ આજે ૧૦ સપ્ટેમ્બરના રોજ રાજ્યના તમામ જિલ્લા મથકો પર આવેદનપત્ર પાઠવવામાં આવ્યા છે. આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવતા ૧૪ સપ્ટેમ્બરના રોજ તમામ ગ્રામસેવકો સરકારી વોટ્સએપ ગ્રૂપમાંથી લેફ્ટ થઈ જશે, જ્યારે ૨૧ સપ્ટેમ્બરે તમામ પ્રકારની ઓનલાઈન કામગીરીનો પૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે. ત્યારબાદ ૨૫ સપ્ટેમ્બરે 'પેન ડાઉન' કાર્યક્રમ યોજી કામગીરી ઠપ્પ કરી દેવાશે. જો છતાં પણ સરકાર દ્વારા માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો ૦૧ ઓક્ટોબરે તમામ કર્મચારીઓ એકસાથે માસ સી.એલ. પર ઉતરશે અને ગાંધી જયંતી એટલે કે ૦૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરી દેવાશે.

ગ્રામસેવકોની મુખ્ય માંગણીઓમાં રેવન્યુ તલાટી, પંચાયત તલાટી અને ખેતી મદદનીશના જોબચાર્ટની કામગીરી તેમની પાસે કરાવવાનું દબાણ તાત્કાલિક બંધ કરવાની રજૂઆત સામેલ છે. હાલમાં ૮ થી ૧૦ ગામ વચ્ચે માત્ર એક જ ગ્રામસેવક કાર્યરત હોવાથી કામનું અતિશય ભારણ રહે છે, તેથી ૧ થી ૨ ગામ વચ્ચે ૧ ગ્રામસેવકનું મહેકમ ઊભું કરી નવા સેજાનું પુનઃગઠન કરવાની માંગ કરાઈ છે. આ ઉપરાંત, પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં ૪૨૦૦ નો ગ્રેડ-પે આપવા, ટ્રાન્સપોર્ટ અને ખાસ ભથ્થાંમાં વધારો કરવા તેમજ ઓનલાઈન કામગીરી માટે સ્માર્ટફોન, કમ્પ્યુટર અને ઈન્ટરનેટ સુવિધા અથવા તેનું અલગ એલાઉન્સ આપવા જણાવાયું છે. સાથે જ, કર્મચારીઓની પ્રમોશનની અટકેલી તકો પુનઃ શરૂ કરવા અને ગ્રામસેવક સંવર્ગને પંચાયત વિભાગમાંથી મુક્ત કરી કૃષિ વિભાગના વહીવટી માળખામાં સમાવેશ કરવાની માંગ પણ દોહરાવવામાં આવી છે.

### ૧૫ હજારના બદલે ૫૦ હજાર આપવા લેખિત રજૂઆત : ૪૦થી વધુ કોર્પોરેટરોની સહી

# કોર્પોરેટરોના માનદ વેતનમાં વધારાની માંગ

રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટાયેલા નગરસેવકો (કોર્પોરેટરો) દ્વારા પોતાના માસિક માનદ વેતનમાં મોટો વધારો કરવાની માંગણીએ ફરી એકવાર જોર પકડ્યું છે. હાલ મળતા રૂ. ૧૫,૦૦૦ના બદલે સીધા રૂ. ૫૦,૦૦૦ પ્રતિ માસ વેતન કરવાની માંગ સાથે મેયર ડો. નેહલ શુકલને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. ગત મહિને ભાજપ સંકલન બેઠકમાં મહિલા કોર્પોરેટરો દ્વારા વેતન વધારા અંગે મૌખિક રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્ણ થયા બાદ આ મુદ્દે વધુ આક્રમક વલણ અપનાવીને ૪૦થી વધુ કોર્પોરેટરોના હસ્તાક્ષર ધરાવતો પત્ર મેયર સહિતના પાંચેય પદાધિકારીઓને સોંપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે મનપામાં કુલ ૭૨ ચૂંટાયેલા કોર્પોરેટરો (૬૭ ભાજપ અને ૫ કોંગ્રેસ) છે.



કોર્પોરેટરો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં મોંઘવારી અને દૈનિક ખર્ચાઓને મુખ્ય આધાર બનાવવામાં આવ્યા છે. વોર્ડ અને વિસ્તારના રોજીંદા કામો, નાગરિકોના જુદા જુદા પ્રશ્નો માટે હાજરી આપવા થતી અવરજવર તેમજ પેટ્રોલના વધતા ભાવ સામે હાલનું રૂ. ૧૫,૦૦૦નું વેતન સાવ અપૂરતું સાબિત થઈ રહ્યું હોવાની લાગણી વ્યક્ત કરાઈ છે. આ સિવાય અમદાવાદ અને સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરોને મળતા ઊંચા માનદ વેતનનો સંદર્ભ આપીને આ માંગણી બુલંદ કરવામાં આવી છે. નગરસેવકોનું કહેવું છે કે હવે લોકસેવા પણ મોંઘી બની ગઈ હોવાથી માસિક ફિક્સ વેતન અને મળતા સામાન્ય ભથ્થાંથી ખર્ચ પૂરો થતો નથી.

બીજી તરફ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પોતાના વેતનમાં વધારો કરે તે મુદ્દો હંમેશા રાજકીય અને પ્રજાની નજરમાં સંવેદનશીલ રહ્યો છે. મનપાના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન જેવા પદાધિકારીઓને વેતન, વાહન, વિવિધ ભથ્થાં અને સરભરા ખર્ચ અલગથી મળતો હોય છે, જ્યારે સામાન્ય કોર્પોરેટરો માત્ર ફિક્સ વેતન પર નિર્ભર રહે છે. આ રજૂઆત મળ્યા બાદ મેયરે હાલ કોઈ ચોક્કસ ખાતરી આપી નથી, પરંતુ કોર્પોરેટરોની આ લાગણી અને માંગણીને પક્ષના પ્રદેશ નેતૃત્વ સુધી પહોંચાડીને યોગ્ય નિર્ણય લેવડાવવાની તજવીજ હાથ ધરી છે.

# NDA-CDSની રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા

### ૧૦૫૦ પરીક્ષાર્થીઓ આપશે કસોટી, પાંચ કેન્દ્રો પર કડક બંદોબસ્ત

રાજકોટ, તા. ૧૦

સંરક્ષણ દળોમાં ઉત્કૃષ્ટ કારકિર્દી બનાવી દેશસેવા કરવા ઈચ્છતા યુવાનો માટે આગામી રવિવાર, તા. ૧૩ના રોજ યુનિયન પબ્લીક સર્વિસ કમિશન દ્વારા નેશનલ ડીફેન્સ એકેડમી , નેવલ એકેડમી અને કમ્બાઈન્ડ ડીફેન્સ સર્વિસની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાવા જઈ રહી છે. દેશભરના વિવિધ કેન્દ્રોની સાથે રાજકોટ ખાતે પણ આ પરીક્ષાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કુલ ૧૦૫૦ જેટલા ઉમેદવારો પરીક્ષા આપશે. આ પરીક્ષા સંદર્ભે રાજકોટ આવી પહોંચેલા પ્રશ્નપત્રોને કલેક્ટર કચેરીના સ્ટ્રોંગરૂમમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ સુરક્ષિત રીતે સીલ કરી દેવામાં આવ્યા છે. પરીક્ષાના દિવસે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે જ પેપરો પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવામાં આવશે.



આ મહત્વપૂર્ણ પરીક્ષા માટે રાજકોટમાં સદ્ગુરુ મહિલા કોલેજ, આઈ.પી. મિશન, એ.વી.પી.ટી. કોલેજ તેમજ કેન્દ્રીય વિદ્યાલયના બે કેન્દ્રો મળીને કુલ પાંચ પરીક્ષા કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. સમગ્ર પરીક્ષા પ્રક્રિયા શાંતિપૂર્ણ, નિષ્પક્ષ અને પારદર્શી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ સુદ્રઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. કેન્દ્રો પર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વર્ગ-૧ અને વર્ગ-૨ના ઉચ્ચ અધિકારીઓને સ્ટેન્ડ-ટુ રાખી સીધું મોનિટરિંગ સોંપવામાં આવ્યું છે. આ ઉપરાંત, પરીક્ષા શાંતિથી યોજાય તે હેતુથી કેન્દ્રોની આસપાસ પ્રતિબંધાત્મક જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દેવાયું છે.

## બે મહિનાથી વરસાદ ગાયબ : પીવાના પાણી માટે હાહાકાર, જળાશયોમાં ૨ થી ૨૦ ટકા પાણી

# સૌરાષ્ટ્ર પર જળસંકટની છાયા



રાજકોટ, તા.૧૦

સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે ચોમાસાની ૠતુ હવે આખરી તબક્કામાં પહોંચી રહી છે, ત્યારે પણ અહીં વરસાદના કોઈ એંધાણ દેખાઈ રહ્યા નથી. છેલ્લા બે મહિનાથી સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશમાં ક્યાંય પણ નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. ચોમાસુ અત્યંત નબળું રહેવાને કારણે અને વરસાદ સતત ખેંચાવાને લીધે ખાસ કરીને હાલ પીવાના પાણીની સમસ્યાએ સમગ્ર સૌરાષ્ટ્રમાં અજગરભરડો લીધો છે અને સર્વત્ર પાણી માટે પોકારો ઊઠવા લાગ્યા છે.

ચોમાસાની નબળી સ્થિતિના કારણે આજની તારીખે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના કુલ ૮૫ પૈકી ૪૫ ડેમો લગભગ ખાલી જેવી અવસ્થામાં આવી ગયા છે. સિંચાઈ વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ૪૫ જળાશયોમાં હાલ માત્ર ૨ થી ૨૦ ટકા જેટલો જ જળસંગ્રહ બાકી રહ્યો છે, જ્યારે અમુક ડેમો તો આજની સ્થિતિએ સંપૂર્ણપણે ડ્રાય એટલે કે ખાલી થઈ ચૂક્યા છે.

રાજકોટ જિલ્લાના કુલ ૨૭ ડેમોમાંથી ૧૧ ડેમોમાં તો આજની સ્થિતિએ માત્ર ૧.૭૯ ટકાથી લઈને ૨૦ ટકા જેટલો જ જળસંગ્રહ બચ્યો છે. રાજકોટના ભાદર, ડોંડી, ગોંડલી, વાછપરી, વેરી, મોતીસર, છાપરવાડી ૧ અને ૨, ઈશ્વરીયા, કરમાળ તથા કર્ણુકી ડેમો સંપૂર્ણ ખાલી થઈ જવાના આરે પહોંચ્યા છે. રાજકોટ શહેરની વાત કરીએ તો, સ્થાનિક સ્ત્રોતો તળિયાઝાટક થતાં રાજકોટવાસીઓ દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ 'સૌની યોજના' આધારિત રહ્યા છે. તાજેતરમાં આજી-૧ ડેમ બાદ હવે ન્યારી-૧ ડેમમાં પણ નર્મદાના નીર છોડવામાં આવી રહ્યા છે. છેલ્લા પખવાડિયા કરતાં વધુ સમયથી ન્યારી-૧માં ૧૩૫ એમસીએફટી નર્મદાનિર ઠાલવવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રમાં સૌથી ખરાબ અને વિકટ પરિસ્થિતિ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની જોવા મળી રહી છે. જામનગર જિલ્લાના ૨૧ પૈકી ૨૦ ડેમોમાં માત્ર ૦.૦૪ ટકાથી ૧૪ ટકા જેટલું જ પાણી બચ્યું છે. ખાસ કરીને ફુલઝર-૨ અને રૂપાવટી ડેમની સ્થિતિ તો સંપૂર્ણપણે ડ્રાય છે, જ્યારે જામનગરના તમામ ૨૧ ડેમોમાં આજની સ્થિતિએ સરેરાશ માત્ર ૮.૩૫ ટકા જ પાણી બાકી રહ્યું છે. દ્વારકા જિલ્લાની હાલત પણ અત્યંત દયનીય છે; દ્વારકાના તમામ ૧૨ ડેમોમાં કુલ મળીને માત્ર ૦.૭૫ ટકા જળસંગ્રહ છે. આ જિલ્લાના બે ડેમો સંપૂર્ણ ખાલી થઈ ગયા છે, જ્યારે બાકીના ૧૦ ડેમોમાં માત્ર ૦.૦૨ ટકાથી ૨.૧૨ ટકા જેટલું જ પાણી બચ્યું છે. આ ઉપરાંત અન્ય જિલ્લાઓની સ્થિતિ પણ ચિંતાજનક બની છે. મોરબી જિલ્લાના ડેમી-૧ ડેમમાં ૭.૪૬ ટકા અને ડેમી-૩માં માત્ર ૨.૮૯ ટકા પાણી બચ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધારી ડેમમાં ૮.૩૧ ટકા પાણી છે, જ્યારે પોરબંદરનો સોરઠી ડેમ સંપૂર્ણ ખાલી અવસ્થામાં આવી ગયો છે. આમ, સમગ્ર સૌરાષ્ટ્રમાં ચોમાસુ નબળું રહેતા અત્યારથી જ જળસંકટ ઘેરું બન્યું છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ધરણા નહિ, સીધા ત્રાટકો

## ગુજરાતમાં વિપક્ષ મૂળ ટ્રેક પર આવી રહ્યો છે, પણ..



ગુજરાતમાં હાલ વિપક્ષ માટે રાજકીય રીતે અત્યંત અનુકૂળ માહોલ સર્જાતો જોવા મળી રહ્યો છે. લોકોમાં અનેક પ્રશ્નોને લઈને વ્યાપક નારાજગીનો સૂર ઉઠ્યો છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિથી માંડીને લોકોના દૈનિક જીવનને સ્પર્શતી વિવિધ જટિલ સમસ્યાઓનો આજે કોઈ પાર રહ્યો નથી. તેમાંય વળી કુદરતી વિષમતાઓને કારણે રાજ્યના કેટલાક ભાગોમાં દુષ્કાળ જેવો ગંભીર માહોલ ઊભો થયો છે. આ તમામ કપરી અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ શાસક પક્ષ સામે વિપક્ષ માટે એક મોટો રાજકીય અવસર અને તક ગણાય.

ગઈકાલે કોંગ્રેસે વિધાનસભા ગૃહની બહાર લઠ્ઠાકાંડના સંવેદનશીલ મુદ્દે જોરદાર દેખાવો કર્યા હતા. આ ઘટના સ્પષ્ટપણે દર્શાવે છે કે કોંગ્રેસ હવે લોકોને સીધી અસર કરતા મુદ્દાઓને લઈને ધીમે ધીમે પોતાના મૂળ ટ્રેક પર આવી રહી છે. જોકે આજના સમયમાં માત્ર પ્રતીકાત્મક ધરણા કરવા, તંત્રને આવેદનપત્રો સુપ્રત કરવા કે માત્ર અખબારી નિવેદનો આપીને વિરોધ નોંધાવવો સાવ અપૂરતા પગલાં સાબિત થાય છે. સામાન્ય પ્રજા જેનાથી પ્રભાવિત થાય અને સરકારની ઊંઘ હરામ થઈ જાય તેવા આક્રમક, નક્કર અને નિર્ણાયક પગલાં લેવા અત્યંત જરૂરી બન્યા છે.

લઠ્ઠાકાંડ જેવી મોટી ઘટના સર્જાયા બાદ સરકારી તંત્ર કડક તપાસ અને પગલાં લીધાના માત્ર પોકળ દેખાડા કરે છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે રાજ્યના ગામેગામ આજે પણ દેશી દારૂના અડ્ડાઓ બેફામ ધમધમી રહ્યા છે. દારૂનું સેવન કરનારાને બાદ કરતા સમાજની અન્ય બહુમતી વસ્તી આ દૂષણથી ભારે ત્રાહીમામ પોકારી ગઈ છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પક્ષ માત્ર ધરણા કે દેખાવો કરે તો તેનાથી માત્ર છાપા અને મીડિયામાં પ્રસિદ્ધિ મેળવવાનો સીમિત ધ્યેય જ પૂરો થાય છે.

લોકોનો ખોવાયેલો વિશ્વાસ પુનઃ પ્રાપ્ત કરીને તેને આગામી સમયમાં મતમાં પરિવર્તિત કરવા માટે વિશેષ અને અસરકારક વિરોધ દર્શાવવો અનિવાર્ય છે. જો વિપક્ષ ગામેગામ ધમધમતા દેશી દારૂના અડ્ડાઓ પર સ્થાનિક પબ્લિક અને પીડિત લોકોને સાથે રાખીને જાતે સીધા દરોડા પાડે, તો જ શાસક પક્ષ અને પોલીસ તંત્રની નીંદર હરામ થઈ શકે. આવા નીડર પગલાંથી સામાન્ય જનતાના મનમાં પણ વિપક્ષની એક સક્ષમ વિકલ્પ તરીકેની ઈમેજ ઊભી થશે. તેથી કોંગ્રેસે હવે માત્ર પ્રચાર અને પબ્લિસિટીના ક્ષણિક ઉદ્દેશ્યથી આગળ વધીને પ્રજાહિત માટે જમીની સ્તર પર નક્કર લડાઈ લડવી અનિવાર્ય બની ગઈ છે.

# મોદી કેન્દ્ર-રાજ્ય સરકારો વચ્ચેના સંકલનથી નાખુશ?

## મંત્રીઓ સાથેની તેમની ચર્ચામાં, તેમણે રાજ્ય સરકારો સાથે સંકલન પર ભાર મૂક્યો તેમણે તેમને નિયમિત બેઠકો અને પ્રદેશ-વિશિષ્ટ પરિષદો યોજવા વિનંતી કરી



નવીદિલ્હી, તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેબિનેટ મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક દરમિયાન કેન્દ્ર-રાજ્ય સંકલનને વધારવાનો નિર્દેશ આપ્યો. તેમણે મંત્રીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન અને સહયોગ મજબૂત બનાવવા વિનંતી કરી. તેમણે કેબિનેટ મંત્રીઓને રાજ્ય સરકારો સાથે વધુ સારા સંકલન અને સહયોગ સુનિશ્ચિત કરવા પણ નિર્દેશ આપ્યો. પ્રધાનમંત્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે નિયમિત બેઠકો માટે પણ હાકલ કરી. તેમણે મંત્રીઓને તેમના સંબંધિત રાજ્ય સમકક્ષો સાથે ક્ષેત્ર-વિશિષ્ટ બેઠકો યોજવા પણ વિનંતી કરી. જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે તાજેતરમાં રાજ્ય જળ સંસાધન મંત્રીઓની ત્રણ દિવસીય બેઠકનું આયોજન કર્યું હતું, જેને પ્રધાનમંત્રી મોદીએ પણ સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ હવે અન્ય મંત્રાલયોને આ મોડેલ અપનાવવા નિર્દેશ આપ્યો છે. આ મોડેલનો હેતુ વિવિધ ક્ષેત્રોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન માટે વધુ વ્યવસ્થિત વ્યવસ્થા બનાવવાનો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય આગામી આવી પરિષદનું આયોજન કરી શકે છે. આ પછી, પર્યાવરણ મંત્રાલય પણ આવી જ બેઠક યોજવાનું વિચારી રહ્યું છે. આવી બેઠકોનું ધ્યાન કેન્દ્ર-રાજ્ય ભાગીદારીને મજબૂત બનાવવાનું છે જેથી સરકારી યોજનાઓ અને વિકાસ કાર્યક્રમોના વધુ સારા અને અસરકારક અમલીકરણની ખાતરી કરી શકાય. તાજેતરમાં, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે ૧-૨ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં રાજ્ય જળ સંસાધન મંત્રીઓ સાથે બે દિવસીય વિભાગીય બેઠક યોજી હતી. બેઠક દરમિયાન જળ માળખાગત પ્રોજેક્ટ્સ, જળ સંસાધન ટકાઉપણું, ''જળ સંચય જન ભાગીદારી'' અને ''જળ જીવન મિશન ૨.૦'' ના અમલીકરણ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના અંતિમ સત્રમાં, રાજ્યના મંત્રીઓએ પીએમ મોદી સાથે પણ વાતચીત કરી હતી, જે પણ હાજર હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન પણ હાજર હતા.

આ નવું મોડેલ કેન્દ્રીય મંત્રીઓને રાજ્યના મંત્રીઓ સાથે સીધી વાતચીત કરવાની મંજૂરી આપશે. તેઓ મંજૂરીમાં વિલંબ, ભંડોળનો અભાવ, જમીનની અછત, વિભાગો વચ્ચે સંકલનનો અભાવ અને અમલીકરણમાં અંતર જેવા મુદ્દાઓ પર ખુલ્લેઆમ ચર્ચા કરી શકશે. વધુમાં, રાજ્ય સરકારો શ્રેષ્ઠ પ્રથાઓ અને અનુભવો શેર કરી શકશે જે અન્ય રાજ્યોમાં પણ અનુસરી શકાય. મંત્રીઓ સાથેની વાતચીતમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્ય સરકારો સાથે સંકલનના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે દરેકને નિયમિત બેઠકો અને વિસ્તારવાર પરિષદો યોજવા કહ્યું.

# ૨૦૨૭ની વસ્તી ગણતરીને લગતો વિવાદ શું છે?

## કોંગ્રેસે કહ્યું, સરકારના ઈરાદા શંકાસ્પદ : સમાવિષ્ટ માહિતી ક્યારેક નકામી હોય છે અને ક્યારેક બિનજરૂરી હોય છે કારણ કે ડેટા પહેલાથી જ અસ્તિત્વમાં છે




નવીદિલ્હી, તા. ૧૦

કોંગ્રેસ પાર્ટીએ ૨૦૨૭ ની વસ્તી ગણતરી અંગે મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે ૨૦૨૭ ની વસ્તી ગણતરીનું ફોર્મેટ સંપૂર્ણપણે વિકૃત થઈ ગયું છે. તેનો હેતુ ખૂબ જ શંકાસ્પદ છે, અને ઘણા પ્રશ્નો બિનજરૂરી, અતિશય અને ખોટા છે. જયરામ રમેશે એક મીડિયા રિપોર્ટનો ઉલ્લેખ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૨૭ ની વસ્તી ગણતરીમાં ઘણા પ્રશ્નો ૨૦૧૯ ના ગડ્ઢ/ગઈછ પ્રશ્નો જેવા છે. મીડિયા રિપોર્ટમાં પૂછવામાં આવ્યું હતું કે શું વસ્તી ગણતરીના ડેટાનો ઉપયોગ ગર્છ્ઈ બનાવવા માટે થઈ શકે છે. ૨૦૨૭ ની વસ્તી ગણતરીમાં ઘણા પ્રશ્નો ૨૦૧૯ ના ગડ્ઢ/ગર્છ્ઈ પ્રશ્નો જેવા છે. જોકે વસ્તી ગણતરી અધિનિયમ જણાવે છે કે ડેટા ગુપ્ત છે, આ માટે એક ઉદાહરણ છે. ૧૯૫૧ માં, વસ્તી ગણતરી ફોર્મમાંથી વિગતો ''નકલ'' કરીને રાષ્ટ્રીય વસ્તી ગણતરી બનાવવાનો રાષ્ટ્રવ્યાપી પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જયરામ રમેશે કહ્યું કે ૨૦૨૭ ની વસ્તી ગણતરી સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. સમાવિષ્ટ માહિતી ક્યારેક નકામી હોય છે, ક્યારેક બિનજરૂરી હોય છે કારણ કે ડેટા પહેલાથી જ અસ્તિત્વમાં છે, અને ક્યારેક ખતરનાક અથવા દૂષિત હોય છે. રમેશે વધુમાં જણાવ્યું હતું કે સરકારે ચાર ચૂંટણીવાળા રાજ્યોમાં ૨૦૨૭ ની વસ્તી ગણતરીના ભાગને ઝડપી બનાવવાનો નિર્ણય લીધો છે. વધુમાં, વસ્તી ગણતરી ફોર્મમાં ઘણા નવા પ્રશ્નો ઉમેરવામાં આવ્યા છે. આના કારણે કેટલાક ભૂતપૂર્વ વસ્તી ગણતરી અધિકારીઓએ ચિંતા વ્યક્ત કરી છે કે એકત્રિત ડેટાની ગુણવત્તા સાથે ચેડા થઈ શકે છે.

એ નોંધવું જોઈએ કે ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં ફક્ત ૨૯ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, પરંતુ આ વખતે કુલ ૪૦ પ્રશ્નો પૂછવામાં આવશે. આ પ્રશ્નોમાં વ્યક્તિના ઘર, વાહન, નોકરી, વ્યવસાય, તેમજ કોવિડ રસીકરણ, બેંક ખાતાઓની કુલ સંખ્યા અને ડિજિટલ સાક્ષરતા વિશેની માહિતી શામેલ હશે. પ્રથમ તબક્કો (એપ્રિલથી સપ્ટેમ્બર) મુખ્યત્વે ઘરની સૂચિ અને ઘરની ગણતરી પર કેન્દ્રિત છે. બીજા તબક્કામાં માથાની ગણતરીનો સમાવેશ થશે, જે ફેબ્રુઆરી ૨૦૨૭ માં શરૂ થશે. નાગરિકો ૧૬ નવેમ્બરથી ૩૦ નવેમ્બર દરમિયાન સરકારના વસ્તી ગણતરી પોર્ટલની મુલાકાત લઈને તેમની વિગતો ઓનલાઈન દાખલ કરી શકશે. જયરામ રમેશે જણાવ્યું હતું કે ૨૦૨૭ ની વસ્તી ગણતરી સંપૂર્ણપણે વિકૃત છે. સમાવિષ્ટ માહિતી ક્યારેક નકામી અને ક્યારેક બિનજરૂરી છે કારણ કે ડેટા પહેલાથી જ અસ્તિત્વમાં છે.

### એક જ ઝાટકે દિગ્ગજો પાસેથી ૫૫,૦૦૦ કરોડ ગુમાવ્યા

# CJP વિરોધઃ ૧૪ વર્ષની છોકરી વિરુદ્ધ FIR મામલે સુપ્રીમ ખફા

## યુપી-દિલ્હી સરકારોને ફટકારી નોટિસ : કોર્ટે છોકરીની એફઆઈઆર પર કાર્યવાહી કરવા અને તેની સુરક્ષા સુનિશ્ચિત કરવા જણાવ્યું




નવીદિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે CJP વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારી ૧૪ વર્ષની છોકરીના ઘરે ઉત્પીડન અને તોડફોડના આરોપોને ગંભીરતાથી લીધા છે. સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાને છોકરીની FIR પર કાર્યવાહી કરવા અને તેની સુરક્ષા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી અને ઉત્તર પ્રદેશ સરકારો પાસેથી આ કાર્યવાહી અંગે રિપોર્ટ માંગ્યો છે. કોર્ટે કહ્યું કે ૧૪ વર્ષની છોકરીને ધાકધમકી આપવાના આરોપોને હળવાશથી લઈ શકાય નહીં. તેણે એમ પણ કહ્યું કે કોઈને પણ પીડિતા અથવા તેના પરિવારને ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટે ડરાવવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક વકીલે CJI સૂર્યકાંતની આગેવાની હેઠળની બેંચને જાણ કરી કે છોકરી સામે વળતો FIR દાખલ કરવામાં આવ્યો છે, જ્યારે હુમલા અને ધાકધમકી આપવામાં સામેલ લોકો હજુ પણ મુક્તપણે ફરતા હતા. કોર્ટે સ્વતંત્ર ભારદ્વાજ કેસમાં આ અવલોકન કર્યું હતું, જેમાં વકીલે માહિતી આપી હતી કે સંસદ માર્ગ પોલીસ સ્ટેશને હવે છોકરીની ફરિયાદ પર કાર્યવાહી શરૂ કરી છે. વકીલે FIR, છોકરીને આપવામાં આવેલી સુરક્ષા અને કથિત રીતે સામેલ લોકો સામે લેવામાં આવેલી કાર્યવાહી અંગે ઉત્તર પ્રદેશ અને દિલ્હી પાસેથી રિપોર્ટ માંગ્યો હતો.

સોલિસિટર જનરલ મહેતાએ જણાવ્યું હતું કે તેમને બાળકની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ મુદ્દાની જાણ થઈ હતી. વકીલે સમજાવ્યું હતું કે પ્રદર્શનકારીઓ પર હુમલો કરનારા તોફાનીઓ સાથે ચાર પોલીસકર્મીઓ દર્શાવતા વીડિયો અસ્તિત્વમાં છે, પરંતુ તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જસ્ટિસ જોયમલ્યા બાગચીએ સોલિસિટર જનરલને કહ્યું હતું કે તેઓ ઇચ્છે છે કે FIR પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને ઉત્તર પ્રદેશ પોલીસે પીડિતા અને તેના પરિવારને પોલીસ સુરક્ષા પૂરી પાડવી જોઈએ. તપાસ સંસદ માર્ગ પોલીસ સ્ટેશન દ્વારા થવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે CJP વિરોધ પ્રદર્શન દરમિયાન ૧૭ દિલ્હી મેટ્રો સ્ટેશનો બંધ કરવા અંગે બંધારણીય પ્રશ્નો ઉઠાવતી અરજી પર નોટિસ જારી કરી હતી. જસ્ટિસ જોયમલ્યા બાગચીએ જણાવ્યું હતું કે કોર્ટ સામાન્ય રીતે કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓ પર કારોબારીના નિર્ણયોને ટાળે છે, પરંતુ જ્યારે આ સત્તાનો વધુ પડતો અથવા અસંતુલિત રીતે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે ન્યાયિક ચકાસણી જરૂરી છે. જસ્ટિસ બાગચીએ વધુમાં જણાવ્યું હતું કે આવા કિસ્સાઓમાં, જ્યડ મૂળભૂત રીતે એક બનાવટી છે. જ્યારે આવા પ્રશ્નો ઉભા થાય છે, ત્યારે અદાલતો કારોબારીના અધિકારને સ્થગિત કરે છે. અદાલતો ફક્ત ત્યારે જ હસ્તક્ષેપ કરે છે જ્યારે આવી કાર્યવાહી વધુ પડતી અથવા અસંતુલિત બને છે, તેથી આપણે તપાસ કરવી જોઈએ કે આ સત્તાનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## સંસારી વ્યવહાર હોય, ધર્મ હોય, કે અધ્યાત્મ હોય, અંતિમ નીપજ શાંતિ જ હોવી જોઈએ!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ માસ પૂરો થતાં શરૂશરૂમાં બધાને એવું લાગશે કે શંકર વિના જીવન કંકર જેવું છે. રુદ્રી પાઠને અંતે શાંતિ અધ્યાય કરીને પણ એક આધ્યાય આવે છે,! અને માનવ સહજ ભક્તિ ભાવના લેખાંજોખાં કર્યા, કે શું શાંતિ મળી? સામાન્ય રીતે આપણે જે કંઈ કરતા હોઈએ, એટલે કે વ્યવહાર હોય, કે પછી ધર્મ હોય, કે આધ્યાત્મક હોય, અંતિમ નીપજ શાંતિ જ હોવી જોઈએ, અને જો મળે તો ઈશ્વરે સ્વીકાર્યું એવો ભાવ થાય. પરંતુ સાંપ્રત સમાજમાં શાંતિ દુર્લભ છે, એ સત્યને ઝુટલાવી શકાય તેમ નથી. પરિવારો અશાંત છે, એને કારણે સમાજ અશાંત છે. સમાજ અશાંત છે, એને કારણે દેશ અશાંત છે, અને લગભગ બધાં જ દેશની આ પરિસ્થિતિ હોવાથી, વિશ્વ આખું આજે અશાંત છે. શાંત અને અશાંત એ માત્ર વિરોધી શબ્દ નથી, તત્વતઃ વિરુદ્ધાભાસ તો બતાવે જ છે. પરંતુ આસમાન જમીન જેટલી દુરી હોય, એમ જીવન આખું સમાપ્ત થઈ જાય છતાં શાંતિ મળતી નથી. કોઈ ગમે તેટલો દાવો કરે કે શાંતિ મેળવી લીધી, પણ એક કડવું વેણ સાંભળે, ત્યાં ઉપરથી નીચે સુધી સમસમી જાય, અને તરત જ સામેવાળાને એકની બદલે ચાર સંભળાવી દે,એટલે શાંતિની માત્ર વ્યાખ્યા જ થઈ શકે. ઈશ્વર શાંતાકાર છે, ભુજંગ પર શયન કરવા છતાં શાંત છે, કારણકે એની પ્રત્યેક ચેષ્ઠામાં ક્યાંય ઉપદ્રવ કે ઉદ્વેગ દેખાતો નથી. ઉપક્રમ, ઉપશ્રુતિ, અનુસંધાન, અને ઉપસંહાર આ રીતે જોઈએ તો આપણા ચિંતનનો આજે ઉપસંહાર કરવાનો દિવસ છે. એટલે કે ભગવાન શંકર વિશે આપણે ઘણી બધી વાતો કરી, અને ઘણું બધું સાતત્ય કેળવીને શિવ તત્વની એકદમ નજીકથી પ્રતીતિ કરી. સદગુરુ કૃપાનાં તટ પર બેસી રોજ નવો વિરડો ખોદી નવાં જળ પ્રાપ્ત કર્યા, હવે એ જળ ચાખવાનો દિવસ છે.તયારે શિવનાં શુદ્ધ સ્વરૂપ વિશે ચિંતનમાં વાત કરીશું.

શંકરનું સ્મરણ થતાં આંખો સામે, મૃગચર્મ પર પદ્માસન લગાવી બેઠાં હોય,એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ડમરું,જટામાંથી ગંગધાર વ્હેતી હોય, માથે બીજનો ચંદ્ર ચમકતો હોય, ભાલમાં ત્રીજુ નેત્ર હોય, સર્પના ઘરેણાં બનાવી પહેર્યા હોય, આખાં શરીરે ભસ્મનું લેપન કર્યું હોય, એવું પૂર્ણ વૈરાગી સ્વરુપ. ભાગ્યે જ કોઇ દેવ એવો હશે જે સ્મશાનમાં પણ રહી શકે, તેને રહેવા નથી મહેલની આવશ્યકતા, કે તેને પહેરવા નથી કિંમતી શણગારની જરુરત. કૈલાસમાં જટા બાંધી, દિગાંબર રહેવું એજ તેની નિરામયી ઓળખાણ! છતાં તેને આરાધે તેનો બેડો પાર કરે, ધન ઐશ્વર્યનાં ઢગલા કરે. કુબેર તેને દરવાજે ચોકી કરે, એવી એની લાયકાત છે. રાય રંકનાં ભેદ વગર સૌ કોઈની ઉપાસનાથી પ્રસન્ન થાય, ભેદભાવ વગર બધાને વરદાન આપે, અને સમસ્ત જગતનું કલ્યાણ કરવાં ત્રીજી આંખ ખોલી પ્રલય પણ કરે. સમુદ્ર મંથનનાં સમયે નીકળેલું કાલકૂટ વિષ જગતનાં કલ્યાણ માટે પી જાય. ભગીરથનાં તપથી પ્રસન્ન થઈને વિષ્ણુએ ગંગાને પૃથ્વી પર જવા આદેશ આપ્યો, અને એ શક્તિશાળી ગંગાને પોતાની જટામાં સમાવી લીધી. ક્ષય રોગથી પીડાતા ચંદ્રને પોતાનાં ભાલનુ ઘરેણું બનાવી કાયમ ઈજ્જતનું સ્થાન આપ્યું, લોક નિંદાનાં ઝેરને હાથ, કાન, કે ગળા ઉપર જ રાખવાં, અંતરમાં પ્રવેશવા દેવા નહીં, એવો સંદેશો આપવા સર્પનો શણગાર કર્યો. સંસારી હોવાથી ભોગ વિનાશનું કારણ પણ બની શકે, એવી જાગૃતિ માટે સ્મશાનમાં નિવાસ કર્યો. સમાધિમાંથી જાગૃત થયાં, કે તરત જ કામદેવને ભસ્મ કર્યા. કામ ભાવ બહુ ખતરનાક છે,જો કાબુમાં રહે તેમ ન હોય તો એને કાબુમાં કરવા શિવ મંત્ર મદદ કરી શકે. પરંતુ આ બધી જ ઉપલબ્ધિ કરતા સૌથી મોટી ઉપલબ્ધિ તેની કલ્યાણ છે. શિવને શિવ કહેવડાવવા પણ કલ્યાણની આવશ્યકતા છે. શંકરને અન્ય દેવથી જુદું પાડનાર કોઈ તત્ત્વ હોય તો તે એકમાત્ર કલ્યાણ છે. સ્વાર્થી દેવતાઓ સ્વર્ગ ઉપર તારકાસુરનો ભય વધતાં, શંકર વિવાહ માટે તુરંત રાજી થઈ ગયાં, અને તેની સમાધિ ભંગ કરવા માટે કામદેવને પણ ભસ્મ કરાવ્યો. એટલે કે સ્વાર્થ સામે પણ કલ્યાણનો ભાવ રાખી શકે તે જ શિવ છે. શિવ એટલે કલ્યાણ! ને કલ્યાણ એટલે જ શિવ!.

પરંતુ અત્યારે આપણે શિવનું શુદ્ધ સ્વરૂપ શું છે? એ વિશે વાત કરી રહ્યા છીએ. હિન્દુ ધર્મમાં ઈશ્વરત્વને પામવા માટેના ઘણાં માર્ગ છે,અને જેમાં સાકાર અને નિરાકાર બે સ્વરૂપે ઈશ્વરની કલ્પના કરવામાં આવે છે. મોટેભાગે સાકાર સ્વરૂપમાં જે તે દેવ દેવી હોય તેની મૂર્તિ રાખવામાં આવે છે, જેની સામે તે ઉપાસના કે પુજન અર્ચન કરીને ભાવ રાખે છે. પરંતુ નિરાકાર સ્વરૂપમાં તેનાં કોઈ ખાસ ગુણને આરાધવામાં આવે છે, આપણાં મુખ્ય ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ સૃષ્ટિના સર્જન પાલન અને સંહારક છે, એમ માનવામાં આવે છે.બ્રહ્માએ પોતાની સર્જન કળાથી સૃષ્ટિમાં જીવ સૃષ્ટિ ઉત્પન્ન કરી, વિષ્ણુએ પોતાની વિશાળતાથી સૌને સ્વીકાર્યા ,અને તેનું ભરણપોષણ કર્યું. શિવએ સદા સર્વદા સૌનાં હિતનું વિચારી કલ્યાણનો પંથ સ્વીકાર્યો. જીવનું પરમ કલ્યાણ કરવાં, કોમળથી કઠિન કૃપા કરે છે. રાવણને વરદાન આપે, અને રામના સેવક બની એ જ રાવણનાં કુળના નાશ માટે પણ પોતે જ જવાબદારી સ્વીકારે. એટલે કે મારે કે તારે, પરંતુ આખરે હોય એ કલ્યાણ માટે. એકવાર સમજાય જાય તો શંકર ભોળો લાગે, કોઈ જ આંટીઘૂંટી નહીં! કેવળ ને કેવળ શુદ્ધ સાત્વિક ભાવનો સરવાળો એટલે શિવ કહી શકાય. નંદીને ધર્મ કહેવામાં આવ્યો છે, એટલે ધર્મનાં વાહન પર બેસી અને પરમ ધર્મનું કાર્ય કરે તે શિવ! આપણે જાણીએ છીએ, કે માત્ર તિલક ટપકાં કરીને તો ધર્મની વાતો જ થાય, પણ જે ધર્મ કે સંપ્રદાયને આપણે અનુસરતા હોય, તેના બોધ પ્રમાણે જીવન જીવવું પડે! એ હિસાબે અમે હાટકેશનાં અંશો છીએ, અને અમારા ઈષ્ટદેવનો મૂળ બોધ કલ્યાણ છે,તો અમારે કલ્યાણની ભાવના રાખી જીવન જીવવું જોઈએ. આમતો નાગરની વ્યાખ્યા પણ એટલી જ સુંદર છે, કે જેના વાણી, વિચાર, કે વર્તન, એક પણમાં ''ગર ''ઝેર ન હોય તે નાગર,અને આવી વ્યક્તિ પોતાનાં હિત માટે બીજાનાં કલ્યાણને ભૂલી ન શકે. પરંતુ અફસોસ દેશકાળ પ્રમાણે જીવન મુલ્ય ભૂલાઈ ગયાં, ને સુખ સગવડ માટે ગુણોના સોદા થતાં હોય તેવું પણ જાણવા મળે. માત્ર ચંદ રુપિયા માટે કેવાં કેવાં ખેલ ખેલાતાં હોય છે.અમે નાના હતાં, ત્યારે એકવાર એક બોધકથા અમારા વડીલો દ્વારા કહેવામાં આવી હતી, કે પૃથ્વીને તેની પર વસતી પ્રજાનાં આચાર દુરાચારનું વજન લાગે નહીં, અને વારંવાર ઈશ્વરનાં અવતારને જન્મ લેવો પડે નહીં, માટે સાક્ષાત શિવ દ્વારા નાગરોનુ સર્જન થયું. ક્ષીર સાગરમાં સૂતેલા વિષ્ણુનાં શેષનાગની જાગૃતિ લઈ તેમણે તેનું સર્જન કર્યું. સમસ્ત વિશ્વમાં જાગૃતિનો બોધ ફેલાવવા માટે નાગરની ઉત્પત્તિ થઈ, અને એ કાર્ય સરળતાથી થાય, એટલે એણે તેમને કલાનાં વરદાન પણ આપ્યા,અને તેથી નાગરને કોઈ જ્ઞાતિ બંધન નહોતું,એને તો ઈશ્વરનું વરણ કહેવાતું. ઈશ્વર સદાય પ્રસન્નતાનો પ્રસાદ વહેંચે છે, એમ કોઈ પણ પ્રકારના ગર ને સ્પર્શવા દીધાં વગર આ નાગરની કલમેથી આ શ્રાવણિય અનુષ્ઠાન પુરું થયું,અને આપણે ભગવાન શિવને વિવિધ રીતે સાત્વિક ભાવથી આરાધ્યા છે, અને શિવ એટલે કેવળ અને કેવળ કલ્યાણ એ સૂત્ર હ્રદયમાં અંકિત કરી, આપણે આગળની મંઝિલ તય કરીને જીવીશું. બોલો ૐ નમઃ શિવાય.

**લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

સતત આવી ઘટનાઓ બનતી રહે છે છતાં વિદેશ જવાની ઘેલછા ધરાવનારા નથી થતાં જાગૃત

# યુકેના વર્ક પરમીટ લેવા જતાં દંપતિને ૨૯ લાખનો ડામ

## એક યુવતિએ વ્હોટ્સએપ ગ્રુપની એડ જોઇ વિદેશની ટિકીટ માટે સંપર્ક કર્યો અને પોણા બે લાખ ગયા : બીજા કિસ્સામાં ફેક મેસેન્જર આઇડી બનાવી વિઝા એક્સપાયર થયાની, જેલની સજાની ધમકી દઇ પોણા ત્રણ લાખ પડાવાયા

રાજકોટ, તા.૧૦

વધુ બે છેતરપીંડી સામે આવી હતી. જેમાં લંડનના વર્ક વિઝાના નામે દંપતિ સાથે ઓગણત્રીસ લાખની ઠગાઇ થઇ હતી અને બીજા બનાવમાં વિદેશની ફ્લાઇટ ટીકીટના નામે એક યુવતિને પોણા બે લાખનો ચૂનો લગાવાયો હતો. વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે સતત ઠગાઇઓ થઇ રહી છે અને રાજ્યભરમાં આવા કિસ્સાઓમાં એફઆઇઆર દાખલ થઇ રહી છે. આમ છતાં લોકો ગમે તેવા એજન્ટોનો સંપર્ક કરી વિદેશ જવાની લ્હાયમાં આંધળુકીયા કરી બેસે છે અને કહેવાતા એજન્ટોને લાખો રૂપિયા ધરી દઇ પછી પસ્તાવો કરે છે.

ફ્રોડની ઘટના પર નજર કરીએ તો સુરત સરથાણા, વાલક પાટિયા ખાતે સિદ્ધેશ્વર હાઈટ્સ પાસે આવેલી અવધ રેસિડેન્સીમાં રહેતા અને એમ્બ્રોઈડરી જોબવર્કનો વ્યવસાય કરતા હેવીલ નરશીભાઈ જાગાણીએ સરથાણા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે નાના વરાછા ખાતે શ્યામધામ ચોક નજીક યોગીકૃપા સોસાયટીમાં રહેતા મનીષ રમેશ વાઘાણી અને યોગીચોક સ્થિત યોગીદર્શન સોસાયટીમાં રહેતી નિશાબેન ભૂપત રામાણી સામે છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો.

આ કિસ્સાની પોલીસ ફરિયાદ મુજબ આરોપી મનીષ વાઘાણી અને નિશા રામાણીએ હેવીલભાઈના ભાઈ ચંદ્રેશ ઉર્ફે સંદીપ અને ભાભી આરતીબેનને યુ.કે.ના વર્ક વિઝા અપાવવાની ખાતરી આપી હતી. વિઝા -ોસેસિંગ અને અન્ય ખર્ચાઓના બહાને દંપતી પાસેથી કુલ ૨૯,૧૭,૯૫૦ પડાવી લીધા હતા. સમય વીતવા છતાં ન તો વર્ક વિઝા આવ્યા કે ન તો પૈસા પરત મળ્યા હતા. અંતે પરિવારે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે બંટી-બબલી સામે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી હતી .

બીજા બનાવમાં સ્કૂલના વ્હોટ્સએપ ગ્રૂપમાં આવેલી જાહેરાતના આધારે વિદેશની લાઇટ ટિકિટ બુક કરાવવા જતાં યુવતીએ રૂપિયા ૧.૬૬ લાખ ગુમાવ્યા છે, જ્યારે બીજા કિસ્સામાં દંપતીને યુકેના વર્ક વિઝા અપાવવાની લાલચ આપી ઁબંટી-બબલીઁ જોડીએ રૂપિયા ૨૯.૧૭ લાખથી વધુની રકમ પડાવી લીધી છે. બંને મામલે સરથાણા પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી.




વધુ માહિતી મુજબ સરથાણા જકાતનાકા નજીક આવેલી શાંતિવન સોસાયટીમાં રહેતી ઓગણત્રીસ વર્ષીય ધ્રુષ્ટી બાલુભાઈ વેકરિયા ૧૩, ૧૪, ૧૫ આશાદીપ સ્કૂલ સ્ટુડન્ટ નામના વ્હોટ્સએપ ગ્રૂપમાં જોડાયેલી હતી. આ દરમિયાન ગ્રૂપમાં એક અજાણ્યા શખ્સે લાઇટની ટિકિટ બુક કરાવવા માટે મારો સંપર્ક કરો તેવો મેસેજ મૂક્યો હતો. ધ્રુષ્ટીબેન વિદેશ જવાનું પ્લાનિંગ કરી રહ્યા હોવાથી તેમણે આ નંબર પર સંપર્ક સાધી ટિકિટ બુકિંગ અંગે ચર્ચા કરી હતી.

આ પછી સામેવાળા શખ્સે વિશ્વાસ કેળવી અલગ-અલગ સમયે ટુકડે-ટુકડે કુલ ૧,૬૬,૦૦૦ ધ્રુષ્ટીબેન પાસેથી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. પૂરેપૂરી રકમ ચૂકવી દીધા છતાં યુવતીને લાઇટની કોઈ ટિકિટ મળી નહોતી. શંકા જતાં તેમણે વારંવાર સંપર્ક કરવાનો -યાસ કર્યો હતો, પરંતુ ગઠિયાએ પોતાનો મોબાઇલ નંબર બંધ કરી દીધો હતો. છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં ધ્રુષ્ટીબેને સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આમ યુકેના વર્ક પરમીટ વિઝાના નામે દંપતિ અને એર ટીકીટ લેવા જતાં એક યુવતિ સાથે લાખોની ઠગાઇ થઇ ગઇ હતી.

બીજા કિસ્સામાં દસક્રોઈ તાલુકાના ચોસર ગામની કૈલાસ રાઈસ મિલમાં ઓપરેટર તરીકે નોકરી કરતા મૂળ ઉત્તરપ્રદેશના સંતોષ યાદવ સાયબર ફ્રોડનો ભોગ બન્યો હતો. સાયબર ગઠિયાએ રશિયામાં નોકરી કરતા સંતોષના માસીના દીકરા રાજારામ યાદવનું ફેક મેસેન્જર આઈડી બનાવી સંપર્ક કર્યો હતો. મેસેજમાં રાજારામનો વિઝા એક્સપાયર થઈ ગયો હોવાનું અને વિઝા ફી પેન્ડિંગ હોવાથી એજન્સી તેને આઠ વર્ષ માટે જેલમાં મોકલી દેશે તેવી ધમકી આપી હતી.

આ પછી સાયબર ગઠિયાએ વિઝા એજન્ટ બની વોટ્સએપ કોલ દ્વારા સંતોષને ભયભીત કરી સ્કેનર મોકલ્યું હતું. પોતાના માસીયાઈ ભાઈને મુશ્કેલીમાંથી ઉગારવા સંતોષે પોતાના બેન્ક ખાતાઓ તથા શેઠના પુત્ર મારફતે તબક્કાવાર રૂ. ૯૫ હજાર ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ગઠિયાએ વિઝા છૂટાવવા અને પ્લેનની ટિકિટના નામે વધુ રકમની માગણી કરતા સંતોષને શંકા ગઈ હતી. તેણે રાજારામના ભાઈ દયારામનો સંપર્ક કરી ખાતરી કરતા રાજારામ સુરક્ષિત હોવાનું સામે આવ્યું હતું. પોતે છેતરાયા હોવાની જાણ થતાં સંતોષે હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી અસલાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી પી.આઈ. પ્રતિકાબેન ચૌધરીએ વિશેષ તપાસ શરૂ કરી હતી.

આ કિસ્સામાં સાયબર ગઠિયાએ વોટ્સએપ કોલ કરી પોતાને વિઝા એજન્ટ તરીકે ઓળખાવી સંતોષને ડરાવ્યો હતો. તેણે કહ્યું તુમ્હારે ભાઈ કા વિઝા ખતમ હો ગયા હૈ, પૈસા બાકી હૈ. એજન્સી વાલે ઉસકા વિઝા બ્લોક કરકે આઠ સાલ કે લીયે જેલ મે ડાલ દેંગે. ભાઈને જેલમાંથી બચાવવા સંતોષે સ્કેનર મારફતે ત્રણ ટ્રાન્જેક્શનમાં રૂ. ૨.૬૫ લાખ ચૂકવી દીધા હતા અને ફ્રોડ થઇ ગયું હતું.



## દર્શન કરવા જવા નીકળેલી બાળા ગાયબ: અપહરણનો ગુનો

### મુળ યુપીની સગીરા મોટી બહેનના ઘરે એક વર્ષાના ભાણેજની સારસંભાળ માટે આવી હતી: તાલુકા પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૧૦

સગીર વયની બાળાઓ ગૂમ થઇ જવાના કિસ્સામાં વધુ એક બનાવ ઉમેરાઇ ગયો છે. ગોંડલ રોડ પર વાવડી વિસ્તારમાંથી સત્તર વર્ષની ઉમર ધરાવતી સગીરા ગૂમ થતાં તેણીની મોટી બહેને પોલીસને જાણ કરી હતી. આ સગીરા યુપીથી બહેનના ઘરે એક વર્ષના ભાણેજની સારસંભાળ માટે આવી હતી. તે નજીકના મહાકાલેશ્વર મંદિરે દર્શન કરવા ગયા બાદ ગાયબ થઇ ગઇ હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં તાલુકા પોલીસે મુળ યુપીની વતની યુવતિની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધ્યો છે. ફરિયાદની વિગત મુજબ મુળ યુપીનો યુવતિ તેના પતિ અને એક વર્ષના બાળક સાથે રહે છે. નાની બહેન જે સત્તર વર્ષની છે તેની સાથે વાવડીમાં કારખાનાની ઓરડીમાં રહે છે. એક વર્ષના બાળકની સારસંભાળ રાખવા તેણીએ નાની બહેનને વતનથી બોલાવી પોતાની સાથે રાખી હતી.

શ્રાવણ માસનું વ્રત ચાલુ હોવાથી તારીખ એકત્રીસ ઓગષ્ટના સવારનાસાડા નવ આસપાસ તેણીની સગીર બહેન તૈયાર થઈને ઘરેથી નજીકમાં આવેલ મહાકાલ મંદિર ખાતે દર્શન કરવા જવાનું કહીને નીકળી હતી. બાદમાં લાંબો સમય થવા છતાં તેણીપરત ન આવતાં પરિવારે મંદિર તથા આજુબાજુના વિસ્તારમાં તપાસ કરી હતી. આ સિવાય સગા-સંબંધીઓ, આડોશ-પાડોશ અને વતનમાં પિતાના ઘરે પણ પૂછપરછ કરવામાં આવી હતી. પરંતુ બહેનનો પત્તો ન મળતાં તાલુકા પોલીસને જાણ કરતાં પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં એએસઆઇ ડી. સી. જોષીએ અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સગીરા ગૂમ થઇ ત્યારે તેણે કાળા રંગનું સફેદ ટપકાવાળુ ફ્રોક અને ઉપર સફેદ ફુલવાળી ડીઝાઇનનું જેકેટ પહેરેલા હતાં. પોલીસ તેને શોધવા તપાસ કરી રહી છે.

મેળામાં પેટીયુ રળવા આવેલા યુવાનના પ્રાણ ગયા: પાંચ હત્યારા રાતોરાત ઝબ્બે

# છબીના પૈસા માંગનારા શ્રમિકને છરી ઝીંકી ઢાળ્યું ઢીમ

## ગોંડલના આઇકોનીક મેળામાં પરપ્રાંતિય યુવાનની ક્રુર હત્યા: તેના ભાઇને ગંભીર ઇજા

રાજકોટ તા. ૧૦

અલગ અલગ કારણોસર લોકો એક બીજા પર તૂટી પડતાં હોય છે અને લોહી વહાવી દેતા હોય છે. ઘણીવાર આવી મારામારી હત્યા સુધી પહોંચી જતી હોય છે. ગોંડલ શહેરમાં વછેરાનાં વાડામાં ચાલી રહેલા આઇકોનિક મેળામાં લોહીયાળ ખેલ ખેલાયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. મેળામાં ફોટો ફ્રેમ અને ભગવાન ની છબીઓ વેંચવાનો સ્ટોલ ચલાવીને રોજગારી મેળવતા એક પરપ્રાંતીય યુવાન પર વોરાકોટડા રોડ પર રહેતા રાહુલ નામનાં શખ્સ સહીત અન્ય ચાર શખ્સોએ જીવલેણ હુમલો કરી છરીના ઘા ઝીંકી હત્યા કરીનાંખી હતી. છબીની ખરીદીના પૈસા મામલે આ લોથ ઢળી હતી.

વિગતો પર નજર કરીએ તો ગોંડલના આઇકોનિક મેળામાં હત્યાની ઘટના બનતા મેળો માણી રહેલા લોકોમાં નાશભાગ મચી ગઇ હતી. હત્યાનો ભોગ બનેલા મૃતક પાસેથી મળી આવેલા આધારકાર્ડમાં મૃતક યુવાનનું નામ રમાશંકર કમલપ્રસાદ બર્મન હોવાનું અને તે મૂળ મધ્યપ્રદેશના પન્ના જિલ્લાના સુડોર ગામનો વતની હોવાનું જાણવા મળ્યું હતુ. પોલીસના કહેવા મુજબ રમાશંકર ગોંડલના આઇકોનિક મેળામાં પોતાનો સ્ટોલ લગાવીને વેપાર કરી રહ્યો હતો. દરમ્યાન ગત રાત્રીનાં અગીયાર કલાકે વોરાકોટડા રોડ પર રહેતો રાહુલ રાજુભાઇ ડોડીયા અને અન્ય ત્રણ થી ચાર શખ્સો સ્ટોલ પર આવી છબી ખરીદી હતી.

બાદમાં પૈસા આપ્યા વગર ચાલતી પકડતા રમાશંકરે પૈસા માંગતા રાહુલ સહીતનાં શખ્સોએ બોલાચાલી કરી જગડો કર્યો હતો.બાદ માં ઉશ્કેરાયેલા રાહુલે રમાશંકર ને નેફા માંથી છરી કાઢી ઝીંકી દેતા રમાશંકર લોહીલુહાણ બન્યો હતો.આ તકરાર માં રમાશંકર નો પિતરાઇ વિશાલ શર્મા વચ્ચે પડતા તેને પણ છરી લાગતા તે ઇજાગ્રસ્ત બન્યો હતો.બનાવ બાદ રાહુલ સહીત નાં શખ્સો નાશી છુટ્યા હતા. રાહુલ મેળા બહાર નિકળી નાશી રહ્યો હતો ત્યારે બંદોબસ્તમાં રહેલા પીઆઇ જી.એસ.ગઢવી તથા પીએસઆઇ સુરાણીએ નાશી રહેલા રાહુલ પાછળ દોટ મુકી દબોચી લીધો હતો. બીજી બાજુ રમાશંકરને છાતીનાં ભાગે છરીનો ઉંડો ઘા લાગ્યો હોય તે ઢળી પડ્યો હતો. આ સમયે મેળામાં ફરી રહેલા શિવમ સાર્વજનિક ટ્રસ્ટનાં જયભાઈ માધડને બનાવની જાણ થતા તેમણે સમય ગુમાવ્યા વગર લોહીલુહાણ રમાશંકરને પોતાનાં એકટીવામાં વચ્ચે અને પાછળ અન્ય વ્યક્તિને બેસાડી એકટીવા સિવિલ હોસ્પિટલ તરફ ભગાવ્યુ હતુ.



હોસ્પિટલે ઈમરજન્સીમાં રમાશંકરને ખસેડાતા કોઈ સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યુ હતું.બનાવ ને પગલે ડીવાયએસપી કે.જી.ઝાલા ઘટના સ્થળે દોડી ગયા હતા. બનાવ અંગે હત્યાનો ગુનો નોંધી તપાસનાં ચક્રોગતિમાન કરી પોલીસે હત્યામાં સામેલ અન્ય ચાર શખ્સોને રાત્રીનાં જ દબોચી લીધા હતાં. તપાસનીસ ઇન્સપેકટર જી.એસ.ગઢવી એ જણાવ્યુ કે આરોપીઓની પુછપરછમાં ફોટોફ્રેમનાં ભાવતાલ અંગે ઝગડો થતા ઉશ્કેરાઈ જઈ આરોપીએ છરીનો વાર કર્યો હોવાની કબુલાત આપી છે. ગોંડલ આઇકોનિક મેળામાં લોકોની ભીડ વચ્ચે થયેલી હત્યા ની ઘટના એ શહેર માં સનસનાટી મચાવી મુકી છે. જન્માષ્ટમી પર્વમાં રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય બે થી ત્રણ દિવસ ગોંડલની વિઝીટ કરી લોકમેળા સહીત જન્માષ્ટમી ઉત્સવમાં કાયદો અને વ્યવસ્થાનુ ચુસ્ત પણે પાલન થાય તે માટે પોલીસ તંત્રને એલર્ટ કર્યુ હતું.

કૃષ્ણ જન્મ શોભાયાત્રા, સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં યોજાતો નગરપાલિકા સંચાલીત લોકમેળો, આઇકોનિક મેળા સહીત કાયદો વ્યવસ્થાને લઇ પોલીસ, એસઆરપી, હોમગાર્ડનો બંદોબસ્ત ગોઠવાયો હતો. નગરપાલિકા સંચાલીત લોકમેળો હેમખેમ પુરો થયો પણ આઇકોનીક મેળામાં પેટીયુ રળવા આવેલા નિર્દોષ પરપ્રાંતીય યુવાનની હત્યાની ઘટનાથી પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઇ હતી.

જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચીત હોય: કોઇ અકાળે મોતની કરી લેતા હોય છે વ્હાલુ

# દારૂ છોડવાનું પત્નિએ કહેતાં આધેડે જિંદગી તરછોડી!

## ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધું: બીજી ઘટનામાં બિમારી સામે થાકેલા વૃધ્ધે લટકી જઇ જીવ દીધો ત્રીજા બનાવમાં બાંધકામના ધંધાર્થીને દિલ દગો દઇ ગયું: એક કિસ્સામાં પ્રૌઢ બેભાન થઇ ગયા બાદ મૃત્યુ

રાજકોટ તા. ૧૦

અપમૃત્યુની અલગ અલગ ચાર ઘટનાઓ બની હતી. જેમાં એક બનાવમાં દારૂનો નશો કરી ઘરે આવેલા પતિને પત્નિએ ઠપકો આપતાં પતિને માઠુ લાગી જતાં ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. બીજી ઘટનામાં એક વૃધ્ધે બીમારી સામે થાકી હારી જઇ ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ હતું. અન્ય એક ઘટનામાં બાંધકામના ધંધાર્થીનું હૃદય બંધ પડવાથી મૃત્યુ થયું હતું. જ્યારે ઝૂપડામાં રહેતાં એક આધેડનું પણ બેભાન હાલતમાં મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પર હરિપર પાળ ગામે રહેતાં આધેડ સાંજે દારૂનો નશો કરીને ઘરે આવતાં પત્નિએ દારૂ પીવાની ના પાડી ઠપકો આપતાં તેણે રૂમમાં જઇ લાકડાની આડીમાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. હરિપર પાળમાં રહેતાં તેતાલીસ વર્ષના પોપટભાઇ સોમાભાઇ પરમારએ રૂમમાં લાકડાની આડીમાં સાડી બાંધી દેહ લટકાવી દેતાં બેભાન હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરતાં હેડકોન્સ. કરણભાઇ મારૂએ જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર પોપટભાઇ ચાર બહેન અને ત્રણ ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોપટભાઇ ગાડીમાંથી માલ સામાન ઉતારવાની મજૂરી કરતાં હતાં. હાલમાં તેને પગમાં ગાંઠ થઇ હોઇ દુઃખાવો પણ થતો હતો. આ વચ્ચે તે સાંજે ઘરે દારૂ પીને આવતાં પત્નિએ તબીયત સારી ન હોઇ દારૂ ન પીવાય તેમ કહી ઠપકો આપ્યો હતો.

બાદમાં પોપટભાઇ પોતે રૂમમાં સુવા જાય છે, જમવાનું બને એટલે ઉઠાડજો તેમ કહી રૂમમાં ગયા હતાં. રસોઇ બની જતાં પત્નિ બોલાવવા જતાં તે લટકતા મળતાં દેકારો મચાવ્યો હતો. સારવાર માટે રાજકોટ ખસેડ્યા હતાં. પરંતુ જીવ બચ્યો નહોતો.



બનાવથી ત્રણ સંતાને પિતાનું છત્ર ગુમાવી દીધુ છે.

આપઘાતની અન્ય ઘટના જોઇએ તો શહેરના રેલનગરમાં રહેતાં વૃધ્ધે બિમારીથી કંટાળી જઇ ગળાફાંસો ખાઇ લીધો હતો. અમૃત હેરીટેજ વીલા બ્લોક નં. ૭૩ ખાતે રહેતાં ધરમશીભાઇ કેશાભાઇ અમીપરા નામના બોંતેર વર્ષના વૃધ્ધે રાતે ઘરના હોલમાં પંખામાં મફલર બાંધી ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તેના તબિબે તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આત્મહત્યા કરી લેનારા ધરમશીભાઇ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં અને નિવૃત જીવન જીવતા હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. પગના દુઃખાવાથી તેમજ ડાયાબીટીશ સહિતની બિમારીથી કંટાળી જઇ પગલુ ભર્યાનું સગાએ પોલીસની પ્રાથમિક પુછતાછમાં જણાવ્યું હતું. મોભીના મૃત્યુથી અમીપરા પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

ત્રીજા બનાવમાં મોરબી રોડ પર સદ્દગુરૂ મારબલ સામે રામાણી પાર્ક-૧માં રહેતાં રમેશભાઇ કુરજીભાઇ ભાખર નામના એકસઠ વષૃના વૃધ્ધ રાતે બે વાગ્યે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રમેશભાઇ બાંધકામનો વ્યવસાય કરતાં હતાં. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં આજીડેમ ચોકડીથી ભાવનગર હાઇવે તરફના રસ્તે એચપીના પંપ નજીક ઝૂપડામાં રહેતાં રાજુભાઇ દેવરામભાઇ ધુળે નામના પચાસ વર્ષના પ્રૌઢ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ચાર અપમૃત્યુની ઘટનાથી પરિવારોમાં કલ્પાંત સાર્જયો હતો.

### ઓનલાઇન ઓફલાઇન અજાણ્યા તો છેતરે ઘણીવાર પોતાના જ ઘા કરી જાય

# વૃધ્ધને ભત્રીજાએ માર્યો ૨૮ લાખનો ધુંબો

## કાકાએ ભત્રીજાને કોર્ટ કેસમાં મદદ કરી ઘરમાં આશરો આપ્યોઃ પણ ભત્રીજાની દાનત બગડીઃ મહિલા મિત્ર સાથે મળી રોકાણના નામે પંદર લાખ રોકડા લઇ ગયો અને ચૌદ લાખની કાર પણ પોતાના નામે કરાવી લીધી

રાજકોટ, તા. ૧૦

છેતરપીંડીની ઘટનાઓ તો રોજ બનતી રહે છે. જેમાં સાયબર ગઠીયાઓ ઓનલાઇન અથવા બીજા ગઠીયાઓ રૂબરૂ મળીને પણ છેતરી જતાં હોય છે. ઘણીવાર એવુ થતું હોય છે કે ઘરના જ ઘા કરી જતાં હોય છે. આવી જ એક ઠગાઇ સામે આવી હતી જેમાં એક નિવૃત શિક્ષકને તેનો જ ભત્રીજો અને ભત્રીજાની મહિલા મિત્ર મળીને અઠ્ઠાવીસ લાખનો ચૂનો લગાવી ગયા છે. ભત્રીજાને કોર્ટ કેસ ચાલતો હોઇ તેને તેના ઘરમાંથી કાઢી મુકાયો હોઇ કાકાએ તેને આશરો આપ્યો હતો. પણ બાદમાં ભત્રીજાની દાનત બગડી હતી અને ફાયનાન્સ પેઢીમાં રોકાણ પર વળતર અપાવવાની લાલચ દઇ કાકા પાસેથી રોકડા પંદર લાખ પડાવ્યા હતા. તેમજ તેની ચૌદ લાખની કાર પણ લઇને બંને ભાગી ગયા હતા.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના રાજયના પાટનગર ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં બની હતી. અહિ રહેતા ઓગણએંસી વર્ષના વયોવૃદ્ધ નિવૃત્ત શિક્ષક સાથે તેમના જ ભત્રીજા અને સાથેની યુવતિએ મળી૧૫ લાખ રોકડા અને ૧૩.૮૦ લાખની નેક્સોન ગાડી મળી ૨૮.૮૦ લાખની ઠગાઈ આચરી હતી. મુશ્કેલીના સમયે કોર્ટ કેસમાં મદદ કરી ઘરમાં આશરો આપ્યો એ જ ભત્રીજાએ પોતાની મહિલા મિત્ર સાથે મળીને ફુલેકું ફેરવી દેતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર રાંદેસણના પ્રતીક મોલની પાછળ પ્રમુખ પ્રાઈડ લેટમાં રહેતા અને શિક્ષક તરીકે નિવૃત્ત મુકુન્દરાય ઈશ્વરલાલ મહેતા પોતાના દીકરા અંકુર સાથે નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

તેમના દીકરા અંકુરને કમરની ગંભીર બીમારી અને મોટાપો હોવાથી તેઓ ચાલી શકતા નથી કે કોઈપ્રવૃત્તિ કરી શકતા નથી. ગયા વર્ષે તેમનો ભત્રીજો વિદેહ મહેતા મુશ્કેલીમાં મુકાયો હતો. પુના ખાતે રહેતા વિદેહને પરિવાર સાથે અણબનાવ થતાં ઘર બહાર કાઢી મુકાયો હતો અને તેની સામે ધંધૂકા કોર્ટમાં રોડ અકસ્માતનો કેસ ચાલતો હતો. આ મુશ્કેલીના સમયે વિદેહે મદદ માટે પોતાના દાદા મુકુન્દરાયને ફોન કર્યો




હતો. આથી દાદાની મમતા જાગી હતી અને તેમણે રૂબરૂ જઈને કોર્ટ કેસ તથા વકીલોના ખર્ચ પેટે ૩ લાખ ચૂકવી તેને કાનૂની સંકટમાંથી ઉગાર્યો હતો.

ત્યારબાદ નિસહાય બનેલા વિદેહને પોતાના ઘરમાં રહેવા આશરો પણ આપ્યો હતો. જેના થોડા દિવસો બાદ વિદેહ મહેતા પોતાની મિત્ર મીનોતી પંડ્યાને ઘરે લાવવા લાગ્યો હતો. મીનોતી માસ ફાઈનાન્સમાં નોકરી કરતી હોવાનું જણાવી બંનેએ ટૂંક સમયમાં લગ્ન કરવાના હોવાની વાત કરી હતી. ત્યારબાદ બંનેએ મુકુન્દરાયને વિશ્વાસમાં લઈ માસ ફાઈનાન્સમાં નાણાં રોકી મોટું વળતર અપાવવાની લાલચ આપી હતી. દાદાએ પણ પોતાના જ ભત્રીજા પર અંધવિશ્વાસ મૂકી પોતાની સર્વિસ અને બચતના ટુકડે-ટુકડે મળીને પંદર લાખ રોકડા સોંપી દીધા હતા. શરૂઆતમાં વિદેહે વળતર પેટે ૩૦ હજાર આપ્યા બાદ એક પણ રૂપિયો આપ્યો ન હતો.

ત્યારબાદ આ નાણાંની વારંવાર ઉઘરાણી કરવા છતાં તમારા નાણાં સિક્યોર છે તેમ કહી આઈડીએફસી બેન્કનો પંદર લાખનો ચેક આપીને વૃદ્ધનો વિશ્વાસ ટકાવી રાખ્યા હતા. એવામાં મુકુન્દરાયના દીકરા અંકુશની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી જૂની એક્સયૂવી કાર ચલાવવામાં તકલીફ પડતી હતી જેથી તેમણે ઓટોમેટિક નેક્સોન કાર ખરીદવાનું નક્કી કર્યું હતું. આ બાબતની જાણ થતાં જ વિદેહ અને મીનોતીએ કાર પોતાના નામે ખરીદવા દબાણ કર્યું હતું. મુકુન્દરાયે ૧૩.૮૦ લાખ વિદેહના બેન્ક ખાતામાં જમા કરાવી ેજ ગાડી ખરીદી હતી.

કારની ખરીદી વખતે પણ તમામ નાણાં મુકુન્દરાયે ચૂકવ્યા હોવાનું લખાણ અને ટીટીઓ ફોર્મ પર વિદેહે સહીઓ પણ કરી આપી હતી. જાન્યુઆરી ૨૦૨૬માં વિદેહ અને મીનોતીના લગ્ન થયા હતા જેનો તમામ ખર્ચ પણ આ વૃદ્ધ દાદાએ જ ભોગવ્યો હતો. દરમિયાન કારને અકસ્માત થતાં તેને રિપેરિંગ માટે ગાંધીનગર સેક્ટર-૨૮ જીઆઈડીસી સ્થિત હરસોલિયા ગેરેજમાં મૂકવામાં આવી હતી. ત્યારબાદ મુકુન્દરાયે જ્યારે ગાડી પોતાના નામે ટ્રાન્સફર કરાવવા પ્રયાસ કર્યો ત્યારે માલૂમ પડ્યું હતું કે, વિદેહ મહેતાએ અમદાવાદ આરટીઓમાં અરજી કરી કારને બ્લેક લિસ્ટમાં નંખાવી દીધી હતી.

તેમજ બાદમાં વિદેહે ગેરેજ પર જઈ પોતાની જાતને માલિક બતાવી મુકુન્દરાયની જાણ બહાર ગાડી બારોબાર ઉપાડી લીધી હતી. આ અંગે મુકુન્દરાયે આરટીઓમાં રજૂઆત કરી દંપતી પાસે ગાડી અને નાણાંની માગણી કરતા બંનેએ અસલી રૂપ બતાવી ધાક-ધમકી આપી ગાડી કે નાણાં આપવાની ના પાડી દીધી હતી. આખરે વયોવૃદ્ધ નિવૃત્ત શિક્ષકે પોતાની સાથે થયેલા અઠ્ઠાવીસ લાખ એંસી હજારની ઠગાઈ અંગે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.



# ભાઇ હો તો ઐસા? કારણ વગર નાનાએ મોટા ભાઇને છરી ઝીંકી

## કુવાડવાના હરિઓમ ચોકનો બનાવઃ પોલીસે નોંધ્યો ગુનો

રાજકોટ તા. ૧૦

માથાકુટની ઘટનાઓમાં ઘણીવાર ઘર ઘરના બાખડી પડતાં હોય છે. આવો જ એક બનાવ તાલુકાના કુવાડવા ગામે બન્યો હતો. જેમાં એક યુવાન પર તેના જ સગા નાના ભાઇએ છરીથી હુમલો કરી લોહીલુહાણ કરી નાંખ્યો હતો. વિગતો જોઇએ તો આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે કુવાડવા ગામ ખાતે હરી ઓમ ચોક પાસે રહેતા અને ડ્રાઇવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા નિતેશ નાથાભાઇ લઢેર નામના સત્યાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી તેના નાના ભાઇ દશરથ નાથાભાઇ લઢેર વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

નિતેશ સાંજે સાડા ચારેક વાગ્યે પત્નિ સાથે ઘરે હતો ત્યારે સગો ભાઈ દશરથ લઢેર તેના ઘરે આવ્યો હતો. કોઈ પણ કારણ વગર બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યો હતો. આથી નિતેશે તેને મારી સાથે ઝઘડો ન કર તેમ કહેતાં તે વધુ ઉશ્કેરાયો હતો અને નેફામાંથી છરી કાઢી હુમલો કરતાં નિતેશે હાથ આડો રાખતાં જમણી હથેળીમાં ઘા લાગી જતાં લોહીલુહાણ થઇ ગયો હતો. હુમલો કરી દશરથે ભાગી ગયો હતો. પત્નિ નિતેશર્ને કુવાડવા હોસ્પિટલ લઇ જતાં ટાંકા લેવાયા હતાં. પીએસઆઇ આર. કે. સામુદ્રેએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નિતેશ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે તે ચાર ભાઇ અને અકે બહેનમાં મોટો છે. પોલીસે હુમલાખોર સામે કાર્યવાહી કરી હતી.

### જેને ગામને છેતરી જ લેવા છે તે ગમે તેમ કરીને સફળતા મેળવી લેતા હોય છે

# ડુંગળી-બટાટાના વેપારીને પોણા સોળ લાખનો ચૂનો

## શરૂઆતમાં ગોધરાના વેપારીએ વિશ્વાસ કેળવ્યો પછી મોટો માલ મંગાવી ધૂંબો મારી દીધો



રાજકોટ તા. ૧૦

ગામને છેતરીને ખીસ્સા ભરવાવાળા કોઇપણ રીતે છેતરપીંડી કરીને જ જંપે છે. રોજબરોજ આવી ઠગાઇ થતી રહે છે. દરમિયાન વધુ એક વખત એક વેપારી ઝપટે ચડી ગયા હતાં. રાજકોટના જેતપુરમાં ધોરાજી રોડપર વીરા શકિત મંદિર પાસે રહેતા અને કણકીયાપ્લોટમાં આર.એમ.ટ્રેડીંગ નામે ડુંગળીની પેઢી ધરાવતાં વેપારીને ગોધરાનો વેપારી છેતરી ગયો હતો. વેપારમાં વિશ્વાસ કેળવી માલ મંગાવી રૂપિયા પંદર લાખ એકસઠ હજારનો ચૂનો લગાવી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો ડુંગળી-બટાટાનો વેપાર ધરાવતા કલ્પેશભાઇ મહેશભાઇ ભાગવાણી નામના જેતપુરના વેપારી સાથે સાથે ગોધરાના શ્રીજી ચાલુ ભંડારના માલીક રાહુલ નામના વેપારીએ લસણ-ડુંગળીનો માલ મંગાવી રૂા. ૧૫.૬૧ લાખની રકમ નહી આપી છેતરપીંડી કર્યાની જેતપુર સીટી પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થતાં તપાસ શરૂ થઇ છે. કલ્પેશભાઇએ ફરીયાદમાં જણાવ્યુ ગઇ તા.૧૮ના તેના જાણીતા ડ્રાઇવર જેન્તીભાઇ ગોધરા એક વેપારીને ત્યાં ડુંગળીભરી આપવા ગયા હતા ત્યાંથી તેણે કોલ કરી એક વેપારીને ડુંગળી લેવાની છે વાત કરો કરી ફોન આરોપીને આપ્યો હતો.

આ પછી તેમણે આરોપી સાથે વાતચીતમાં ડુંગળીના ભાવતાલ જી.એસ.ટી. નંબર વગેરે વિશ વાત કરી હતી. બાદમાં આરોપીએ ડુંગળીની ગાડી મોકલો કહેતા ગઇ તા.૧૮ના આરોપીને ફરી ફોન કરી ડુંગળીની એકગાડી મોકલુ છુ કહેતા આરોપીએ વાંધો નહી મોકલી આપો તેમ કહયુ હતું. તેમો પેમેન્ટ કેવી રીતે કરશો તેમ કહેતા આરોપીએ હું એક અઠવાડીયામાં તમને પેમેન્ટ મોકલી આપીશ કહેતા રૂા.૩.૨૫ લાખની કિંમતના ડુંગળીના ૨૩૮ કટા ગોંડલ ખાતેથી ભરીને મોકલ્યા હતા.

આમ સત્યાવીસમી ઓગષ્ટ સુધીમાં તેણે અલગ-અલગ સમયે કુલ રૂા. ૨૨,૦૧, ૨૧૬ ની કિંમતનો લસણ-ડુંગળીનો માલ આરોપીને મોકલ્યો હતો. જેથી સામે આોરપી રાહુલ તેને તા.૧૯થી લઇ તા.૨૭ સુધીમાં અલગ-અલગ સમયે આંગળીયાપેઢી મારફત કુલ રૂા. ૬.૪૦ લાખ મોકલ્યા હતા. પરંતુ બાકી લેણી રકમ ૧૫.૬૧ લાખ માટે તેણે આરોપીને ગઇ ઓગણત્રીસમીના ફોન કરતા તેણે તા.૩૦ના હુ જેતપુર આવીને પેમેન્ટ કરી આપીશ તેમ કહયુ હતું. પરંતુ રકમ આપી ન હતી. જેથી તારીખ ત્રણના ફરી આરોપીને ફોન કરતા મને ચેક આવેલો છે જે વટાવવા બેંકમાં નાખ્યો છે. રૂપીયા મને આવશે એટલે તમારા ખાતામાં નાખીશ તેવુ કહ્યું હતું.

પરંતુ ત્યારબાદ પણ રકમ જમા કરાવી ન હતી. તેમજ આરોપી અલગ-અલગ બહાના બતાવેલા હતા. ગઇ તા. ૧ના ફોન કરતા ફોન બંધ આવતો હતો જેથી તેવો મિત્ર સાથે ગોધરા જઇ તપાસ કરતા આરોપીની દુકાનબંધ થઇ ગયાનું જાણવા મળતા ફરીયાદ નોંધાવી હતી જેતપુર સીટી પોલીસના હેડ કોન્સ્ટેબલે ગુનો દાખલ કરતાં વધુ તપાસ શરૂ થઇ છે.

### ખાનગી કંપનીમાંથી નિવૃત થયેલા સિનીયર સિટીઝને મરણમુડી સમાન રકમ ગુમાવી

# નીશાએ લલચાવી સિત્તેર લાખ પડાવ્યા

## શેર બજારમાં રોકાણ પર કમાણી કરવા જતાં વધુ એક મસમોટી ઠગાઇ થઇ ગઇ

રાજકોટ તા. ૧૦

ઓનલાઇન ગઠીયાગીરીની ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. એક ઘટના ભુલો ત્યાં બીજી ચાર પાંચ આવી ઘટનાઓ પોલીસ ચોપડે સાયબર ક્રાઇમ પોલીસના પોર્ટલ પર આવી જાય છે. વધુ એક વખત શેર બજારમાં રોકાણના નામે મોટી ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં એક કંપનીના નિવૃત મેનેજરને ગઠીયાઓએ ઓનલાઇન શેર બજારમાં નાણાના રોકાણ પર મોટુ વળતર મળશે તેવી લાલચ આપી સિત્તેર લાખ ઉસેડી લીધા છે. એક ગ્રુપમાં તેમને એડ કરી નિશા નામની યુવતિએ રોકાણની વાતો કરી લલચાવી એપ ડાઉનલોડ કરાવડાવી હતી. રોકાણ પર આ એપમાં દસ કરોડનો નફો જોવા મળતાં આ નિવૃત મેનેજર અને તેના પરિવારજનો રાજી થઇ ગયા હતાં. પરંતુ બાદમાં એકપણ રૂપીયો વિડ્રો કરી શક્યા નહોતાં. છેલ્લે તેમને મસમોટો ચૂનો લાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો શેરબજારમાં રોકાણ કરશો તો થોડા જ સમયમાં કરોડોનું વળતર મળશે તેવી લાલચ આપી સાયબર ઠગોએ વડોદરાના નિવૃત્ત મેનેજરને વોટ્સએપના ટ્રેડિંગ ગ્રુપમાં ફસાવ્યા હતા. શરૂઆતમાં રૂપિયા દસ હજાર જમા કરાવ્યા બાદ રકમ પરત આપી વિશ્વાસ જીત્યો હતો અને ત્યારબાદ અલગ-અલગ ખાતામાં ૭૬.૫૬ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. એપમાં રૂ.૧૦.૮૯ કરોડનો નફો દેખાડ્યા બાદ રૂપિયા ઉપાડવાનો વારો આવતા ઠગો ગાયબ થઈ ગયા હતા અને નિવૃત્ત મેનેજરને ૭૦.૪૬ લાખ રૂપિયાનો ચુનો લગાવી ઠગો ફરાર થઈ ગયા હતા. જેથી તેઓએ વડોદરા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સુત્રોએ કહ્યું કે ગોત્રી વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન અગાઉ ખાનગી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. જુલાઈ દરમિયાન તેમના મોબાઈલ નંબરને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વીઆઈપી માર્કેટ નંદકિશોર અને અને



૦૭૩ એચડીએફસી સિક્યુરીટીઝ નામના ગ્રુપમાં પણ તેમને જોડવામાં આવ્યા હતા. ગ્રુપમાં નિશા વર્મા નામની મહિલાએ પોતાને આસિસ્ટન્ટ તરીકે ઓળખાવી હતી. શેરબજારમાં રોકાણ માટે માર્ગદર્શન, ટીપ્સ અને સારા વળતરની વાતો કરીને તેમને રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પછી ગઠીયાઓએ એચડીએફસી સક્યુરીટીઝમાં રજિસ્ટ્રેશન કરાવ્યાનું જણાવી અલગ-અલગ બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવવાનું શરૂ કર્યું હતું.

આ પ્રોસીઝર કર્યા બાદ શરૂઆતમાં વૃદ્ધે દસ હજાર ટ્રાન્સફર કર્યા હતા. આ રકમ પરત મળી જતાં તેમને ગ્રુપમાં આપવામાં આવતી માહિતી સાચી હોવાનું લાગ્યું હતું. આ જ વિશ્વાસનો ફાયદો ઉઠાવી ઠગોએ ત્યારબાદ મોટી રકમનું રોકાણ કરાવ્યું હતું. ધીમે-ધીમે વૃદ્ધ પાસેથી રૂ.૭૬.૫૬ લાખ વિવિધ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. આ દરમિયાન ઓનલાઈન એપ્લિકેશનમાં તેમના રોકાણ પર ભારે નફો થયો હોવાનું દર્શાવવામાં આવ્યુ હતું. એક તબક્કે તેમના ખાતામાં રૂ.૧૦.૮૯ કરોડથી વધુનું વળતર હોવાનું દેખાડવામાં આવ્યું હતું.

કરોડો રૂપિયાનો નફો જોઈ તેમને પોતાની રકમ સાથે નફો પણ પરત મેળવવાની આશા રાખી હતી. જ્યારે રોકાણની રકમ અને નફો ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે આરોપીઓ તરફથી ગલ્લા તલ્લા શરૂ થઈ ગયા હતા. વૃદ્ધે કરેલા રૂ.૭૬.૫૬ લાખમાંથી માત્ર રૂ.૬.૧૦ લાખ પરત આપવામાં આવ્યા, જ્યારે બાકીની રૂ.૭૦.૪૬ લાખની રકમ પરત આપવામાં આવી નહોતી. અંતે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં નિવૃત્ત મેનેજરે સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી. આમ શેર બજારમાં રોકાણ પર નફો લેવાની લ્હાય વધુ એક વૃધ્ધને દઝાડી ગઇ હતી અને સિત્તેર લાખ જેવી માતબર રકમ ગુમાવી દીધી હતી.

શરૂઆતમાં પંચાણુ હજારનું રોકાણ કરતાં જ નફા સ્વરૂપે યુએસડીટી જમા થતાં લલચાયા અને વધુ રોકાણ કર્યું

# ક્રિપ્ટોમાં કમાણી કરવા જતાં ગુમાવ્યા ૭૧ લાખ

## બીજી તરફ કેનેડા ઓસ્ટ્રેલિયાના વર્ક પરમીટના નામે છત્રીસ લાખ સાંઇઠ હજારની બે ઠગાઇઃ રીઢા એજન્ટને પકડાવમાં પોલીસ સફળ થઇ

રાજકોટ, તા.,૧૦

ઓનલાઇન શેર બજાર, આઇપીઓ, ક્રિપ્ટોમાં રોકાણ પર નફાની લાલચ આપી જાળમાં ફસાવી રૂપિયા ઉસેડી લેવાના કિસ્સાઓ અટકતા જ નથી. વધુ એક બનાવમાં એક અધધધ એકોતેર લાખ ઉસેડી લેવાયા હતાં. જેમાં પંચાણુ હજારનું રોકાણ કરાવી શરૂઆતમાં વેપારીને નફો અપાયો હતો અને બાદમાં તેની પાસેથી પોણો કરોડ આસપાસની રકમ પડાવાઇ હતી.

વિગતો જોઇએ તો અમદાવાદમાં આ બનાવ બન્યો છે. ક્રિપ્ટોમાં રોકાણ કરીને વધુ વળતર મેળવવાની લાલચ રાજસ્થાનના મેડિકલ સ્ટોરના વેપારીને ભારે પડી હતી. અમદાવાદમાં રહેતા મિત્ર મારફતે દુબઈમાં રહેતા શખ્સનો સંપર્ક કર્યા બાદ વેપારીએ ક્રિપ્ટોમાં રોકાણ શરૂ કર્યું હતું. શરૂઆતમાં ૯૫ હજારનું રોકાણ કરાવ્યા બાદ વિશ્વાસ કેળવી વધુ ૨૩.૯૩ લાખ અને ત્યારબાદ ૪૭.૭૮ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. પણ રોકાણના નામે રકમ લીધા બાદ યુએસડીટીમાં કોઈ વાસ્તવિક રોકાણ કરવામાં આવ્યું ન હોવાનું સામે આવતા પોલીસને જાણ કરી હતી.

વધુ માહિતી અનુસાર રાજસ્થાનના સાંચોરમાં મેડિકલ સ્ટોર ધરાવતા જગદીશ બિ'ાઇએ આશરે પાંચ મહિના અગાઉ અમદાવાદમાં રહેતા પોતાના મિત્ર સાથે શેરબજાર અથવા ક્રિપ્ટોમાં રોકાણ અંગે વાત કરી હતી. મિત્રએ તેમને દુબઈમાં રહેતા સચીન જોષીનો મોબાઇલ નંબર આપી સંપર્ક કરાવ્યો હતો. જે બાદ સચીન સાથે વાત કરતા તેણે ક્રિપ્ટોમાં રોકાણ કરવાથી સારો નફો મળવાની ખાતરી આપી હતી. તેની વાતમાં આવીને ફરિયાદીએ -થમ ૯૫ હજારનું રોકાણ કર્યું હતું, જે રકમના બદલામાં એપ્લિકેશનના ખાતામાં યુએસડીટી જમા કરવામાં આવ્યા હતા. આ પછી સચીને ૨૫ હજાર યુએસડીટી મેળવવા માટે રૂપિયા માંગ્યા હતા. તેના કહેવાથી ફરિયાદીએ મેહુલ પારેખને આંગડિયા મારફતે ૨૩.૯૩ લાખ મોકલ્યા હતા અને તેના બદલામાં એપ્લિકેશનના ખાતામાં ૨૫ હજાર યુએસડીટી જમા થયા હતા.




આથી વિશ્વાસ વધતાં તેમણે ફરી રોકાણના હેતુથી મેહુલ પારેખને આંગડિયા મારફતે ૪૭.૭૮ લાખ આપ્યા હતા. પરંતુ ત્યારબાદ યુએસડીટીમાં રોકાણ અંગે કોઈ માહિતી ન મળતા ફરિયાદીએ સચીનનો સંપર્ક કર્યો હતો.સચીને સમસ્યા દૂર કરવાની વાત કરી સમય પસાર કર્યો અને બાદમાં ફોન બંધ કરી દીધો હતો. મેહુલ પારેખનો સંપર્ક કરતાં તેણે રકમ અક્ષય જોષીને આપી હોવાનું જણાવ્યું હતું. આખરે છેતરપિંડીનો ભોગ બન્યાની જાણ થતાં ફરિયાદીએ ૨૦૦માં અરજી કરી હતી. પોલીસે ઇસનપુરના સચીન જોષી, અક્ષય જોષી, અને મેહુલ પારેખ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ રોકાણ પર નફાની લાલચ એકતોર લાખમાં પડી હતી.

બીજી તરફ વિદેશમાં આકર્ષક વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને નાગરિકો પાસેથી લાખો રૂપિયા પડાવી ફરાર થઈ ગયેલો રીઢો ઠગ આખરે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ગિરતમાં આવી ગયો છે. પેટ્રોલિંગ દરમિયાન જેતલપુર રોડ પરથી ઝડપાયેલા રક્ષિત ગૌતમભાઈ પટેલની આકરી પૂછપરછ હાથ ધરતાં તે અમદાવાદના સોલા હાઈકોર્ટ અને મહેસાણાના વિસનગર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા બે મોટા ફ્રોડ કેસમાં લાંબા સમયથી વોન્ટેડ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. અમદાવાદના સોલા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, રક્ષિત પટેલે પોતાના સાગરીત સાથે મળીને એક યુવકને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધો હતો.

સમગ્ર પ્રોસેસ માટે રૂપિયા ૨૩ લાખનો ખર્ચ થશે તેમ કહીને ટુકડે-ટુકડે કુલ ૨૨.૨૦ લાખ રોકડા તેમજ ૨,૧૮૪ કેનેડિયન ડોલર પડાવી લીધા હતા. આટલી મોટી રકમ મેળવી લીધા બાદ આરોપીએ ન તો વિઝા અપાવ્યા કે ન તો નાણાં પરત ચૂકવ્યા હતા. બીજા ગુનામાં આરોપી રક્ષિતે તેના સાથીદાર કિશન પટેલ સાથે મળીને એક દંપતીને ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા અપાવવાની લાલચ આપી હતી. ભોગ બનનાર પાસેથી અલગ-અલગ હપ્તામાં ૧૪.૪૦ લાખ મેળવી લઈને તેમને બનાવટી વિઝા પકડાવી દીધા હતા. વિઝા બોગસ હોવાનું સામે આવતાં દંપતીએ નાણાં પરત માંગ્યા હતા, જેમાં આરોપીએ માત્ર ૧.૩૫ લાખ પાછા આપી બાકીના ૧૩.૦૫ લાખ હડપ કરી લીધા હતા. વડોદરા ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, પકડાયેલો રક્ષિત પટેલ રીઢો ગુનેગાર છે અને વિદેશ જવા ઇચ્છુક લોકોને શિકાર બનાવવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. આ અગાઉ પણ વડોદરાના ગોત્રી, જે.પી. રોડ, સમા તેમજ પોરબંદરના કમલાબાગ પોલીસ સ્ટેશનમાં તેની સામે ઠગાઈ સહિતના ૫ જેટલા ગંભીર ગુના નોંધાઈ ચૂક્યા છે. હાલ પોલીસે આરોપીનો કબ્જો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઘર પાસે પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાનને ઇંટ ફટકારી દેવાઇ

### ગોમટાના યુવાનને ગંભીર ઇજા થતાં સારવાર લીધીઃ પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૧૦

યુવાનની રાજકોટઃ મારામારીના વધુ એક બનાવમાં ગોંડલના ગોમટા ગામે રહેતા વસંતભાઇ ઉર્ફે હકાભાઇ રવજીભાઇ પરમારના પુત્ર સુનીલને પાડોશી મયુર ઉર્ફે સુખો પોપટભાઇ બગડાએ ગાળો દઇ ઇંટ મારી ઇજા કર્યાની ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇ હતી. વસંતભાઇ પરમારે ફરીયાદમાં જણાવ્યું કે તેને સંતાનમાં બે દિકરા તથા એક દિકરી છે. જેમાં સૌથી મોટો દિકરો સુનીલ (ઉ.વ.૨૨) તથા તેનાથી નાનો દિકરો સાગર (ઉ.વ.૧૭) તથા સૌથી નાની દિકરી શીલ્પાબેન (ઉ.વ.૧૭) છે. તારીખ છઠ્ઠીના સાંજે તે વાડીએ હતા.

ત્યારે તેના કાળુભાઇના દિકરા મહેશભાઇએ ફોન કરી કહેલ કે સુનીલ ગામના સુખો અને તેની માતા સુમીતાબેન ઝઘડો કરતા હતા ત્યારે સમજાવવા જતા સુખાએ સુનીલ સાથે ઝપાઝપી કરી ગાળા ગાળી કરી ઇંટ મારીને જતો રહેલ છે. સુનીલને ગાલ ઉપર ઇજા થયેલ હોય વિરપુર સરકારી હોસ્પીટલ ખાતે લઇને જઇએ છીએ તેમ વાત કરેલ હતી. બાદ તે



વાડીએથી ઘરે આવ્યા હતા. તેના દિકરાને વિરપુરથી સારવાર કરાવીને મહેશ પરત ઘરે લઇને આવતો રહેલ હતો. તેને વધુ સારવાર માટે ૧૦૮માં ગોંડલ સરકારી હોસ્પીટલ ખાતે સારવારમાં ખસેડાયો હતો. જયાંથી રાજકોટ રીફર કરતા ૧૦૮માં રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે સારવારમાં ખસેડાયો હતો. પાડોશમાં રહેતો મયુર ઉર્ફે સુખો પોપટભાઇ બગડા (રહે. ગોમટા) તેના ઘરની બહાર તેની માતા સુમીતાબેન સાથે બોલાચાલી કરી ગાળા ગાળી કરતો હોવાથી સુનીલ તેને સમજાવવા જતા સુખાએ ઝપાઝપી કરી ગાળાગાળી કરી મોઢાના ભાગે ઇંટ મારી દીધાનું ખુલતા હેડ કોન્સ્ટેબલએ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

શ્રાવણ માસ પુરો થયો...છેક સુધી લડી લીધુંઃ વધુ પાંચ દરોડા

## જુગાર રમતા ૪૦ની મજા બગાડી પોલીસ

### ક્રાઇમ બ્રાંચ, માલવીયાનગર, આજીડેમ, પીસીબીના અલગ અલગ સ્થળે જૂગારના દરોડાઃ અઢી લાખથી વધુની રોકડ કબ્જે થઇ

રાજકોટ તા. ૧૦

જૂગાર રસીકો થાકતા જ નથી. ઠેકઠેકાણે શ્રાવણીયા જૂગારમાં પત્તાપ્રેમીઓએ લડી લીધુ હતું. પોલીસ પણ સતત દરોડા પાડતી રહી હતી. વધુ પાંચ સ્થળે જાહેરમાં, ઘરમાં રમાતા જૂગારધામ પોલીસે પકડી લઇ ચાલીસને પકડી લીધા હતાં. જેમાં ત્રણ મહિલાઓ પણ પકડાઇ હતી. માલવીયાનગર પોલીસ, આજીડેમ પોલીસ, ક્રાઇમ બ્રાંચ અને પીસીબીએ કોઠારીયા રોડ, મવડી પ્લોટ, મોરબી રોડ, ખેરવા ગામ નજીક અને ત્રંબા ગામે દરોડા પાડી કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો માલવીયાનગર પોલીસના પીએસઆઇ કે.ડી.મારૂ, કોન્સ્ટેબલ મનીષભાઇ સોઢસયા સહિતના સ્ટાફે મવડીપ્લોટમાં અમરનગર-૧માં શેરી નં.૨માં રહેતા પરેશ મોહનભાઇ મકવાણા (ઉ.વ.૪૭)ના મકાનમાં દરોડો પાડી જુગાર રમતા નિખીલ પરેશભાઇ મકવાણા (ઉ.વ. ૨૪ રહે. અમરનગર-૧) વિરમ નાનજીભાઇ ખોરાણી (ઉ.વ.૪૬ રહે. વિનાયક સોસાયટી, મવડી, મેહુલ બાબુભાઇ કુડેચા (ઉ.વ. ૨૫ રહે. સરસ્વતી ૨૫ વારીયા, ૧૫૦ ફુટ રોડ, મિતરાજસિંહ વિક્રમસિંહ વાઘેલા (ઉ.વ.૨૭ રહે આસોપાલવ પાર્ક, મવડી પ્લોટ શિલ્પાબેન વિરમભાઇ ખોરાણી (ઉ.વ.૪૦ રહે. વિનાયક સોસાયટી, મવડી અને પાયલબેન કલ્પેશભાઇ સુખાનંદી (ઉ.વ.૨૮ રહે આકાશદીપ સોસાયટી, મવડી પ્લોટ)ને રૂા.૧૩,૭૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

બીજા દરોડામાં ક્રાઇમબ્રાંચના હેડ કોન્સ્ટેબલ ભાનુભાઇ ધાધલા, તુલશીભાઇ ચુડાસમા, કોન્સ્ટેબલ સંજયભાઇ ખાખરીયા સહિતના સ્ટાફે મોરબી રોડ ફાટક પાસે સોહમનગર મેઇનરોડ પર જાહેરમાં જુગાર રમતા પ્રકાશ ઉર્ફે ભરત સાગઠીયા (ઉ.૩૪ રહે સોહમનગર શેરી નં. ૧ મોરબી રોડ ફાટક પાસે, પ્રતિક ઉર્ફે પલ્લી જીતુભાઇ વાઘેલા (ઉ.વ.૨૩ રહે. ભગવતીપર વિનોબાભાઈ આવાસ યોજના, જીતેન્દ્ર કમાભાઇ ચુડાસમા (ઉ.વ.૩૭ રહે. કુવાડવા રોડ રોહીદાસપરા બાલાજી પ્લાસ્ટીકની પાછળ, યોગેશ છગનભાઇ પરમાર (ઉ.વ.૨૨ રહે. સોહમનગર ફાટક પાસે ઓમ પાર્ક મેઇન રોડ, આકાશ હસમુખભાઇ ગોહેલ (ઉ.વ.૧૯ રહે. કુવાડવા રોડ રોહીદાસ પરા શેરી નં.૫, આશિષ કાંતિભાઇ ચૌહાણ (ઉ.વ.૨૭ રહે. રોહીદાસપરા શેરી નં.૫, અલ્પેશ ઉર્ફે લાલો હરીભાઇ પરમાર (ઉ.વ.૩૬ રહે. ભગવતીપરા શેરી નં. ૨૨ ડંકી વાળો ચોક, રાહુલ ઉર્ફે ટીકુ મંજીભાઇ ચૌહાણ (ઉ.વ.૩૧ રહે. કુવાડવા રોડ રોહીદાસપરા શેરી નં.૧૨ને , જીતેન્દ્ર ઉર્ફે જીતુ દાઢી પ્રતાપભાઇ પોરડીયા (ઉ.વ.૩૭ રહે મોરબી રોડ બારદાન ગલી નાની ફાટકની બાજુમાં સીતારામ સોસાયટી શેરી નં.૧ રૂા. ૨૯,૫૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

ત્રીજા દરોડામાં આજીડેમ પોલીસના પીએસઆઇ વી.જી. ડોડીયા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, સાવનભાઇ સાંગાણી સહિતના સ્ટાફે કોઠારીયા મેઇન રોડ પર બાલાજી પાર્કમાં શણગાર હોલવાળી શેરીમાં મકાનમાં દરોડો પાડી જુગાર રમતા સંજય ભીખુભાઇ ડોડિયા (રહે.અંબીકા સોસાયટી શેરી નં.૧ ગોપાલ પેટ્રોલપંપની બાજુમાં), રવિ ભિમજીભાઇ ડોડિયા (રહે.



બાલાજી પાર્ક શેરી નં.૧ કોઠારીયા રોડ), શનિ ભરતભાઇ ડોડિયા (રહે.જયનગર મફતીયુ ખાણ પાસે, કોઠારીયા રોડ), વિપુલ પ્રેમજીભાઇ રાઠોડ (રહે.શિતલપાર્ક ચોક રંભામાની વાડી પાછળ), સંજય વાઘજીભાઇ ડોડિયા (રહે.જયનગર શેરી નં.૧ કોઠારીયા રોડ), રાહુલ જીવાભાઇ કારડીયા (રહે.લાપાસરી રોડ કમશીયા વાડી ગોશાળા પાસે), કિશન જીવરાજભાઇ ડોડિયા (રહે. જયનગર શેરી નં.૨ કોઠારીયા રોડ), વિક્રમ જેન્તિભાઇ નવાપરિયા (રહે. લાપાસરી રોડ મફતીયુ), વિજય વાઘજીભાઇ ડોડિયા (રહે.જયનગર નદીના કાંઠે કોઠારીયા રોડ), સુનિલ ઘનશ્યામભાઇ પરમાર (રહે.જયનગર ખાણની પાસે કોઠારીયા રોડ) અને અનિલ રઘુભાઇ સોલંકી (રહે. જયનગર ખાણની પાસે કોઠારીયા રોડ)ને પકડી રૂા.૧,૦૩,૪૦૦ની મતા કબ્જે કરી હતી.

જ્યારે ચોથા દરોડામાં આજીડેમ પોલીસના હેડ કોન્સ્ટેબલ પી.એ. ચીરોડીયા, કોન્સ્ટેબલ મનીષભાઇ શિરોડીયા સહિતના સ્ટાફે રાજકોટ નજીક ત્રંબા ગામે કલ્યાણ પાર્કમાં જાહેરમાં જુગાર રમતા અજય બાબુભાઇ કુકડીયા (ઉ.વ. ૨૪) દિગેશ રમેશભાઇ સુરેલા (ઉ.વ. ૩૪) ગણેશપરી શિવપરી ગોસાઇ (ઉ.વ. ૩૩ રહે. બધા ત્રંબા), સુનીલ પરસોતમભાઇ રાણપરીયા (ઉ.વ. ૩૭ રહે. રાજનગર સોસાયટી, ૮૦ ફુટ રોડ, મોરબી રોડ) ભરત ધીરૂભાઇ મોરવાડીયા (ઉ.વ. ૩૬ રહે. ત્રંબા) અને અજય ભરતભાઇ મોરવાડીય (ઉ.વ. ૩૨ રહે. અણીયારા ગામ) ને રૂા. ૧૬,૪૦૦ ની રોકડ સાથે પકડી લીધા હતા

પાંચમા દરોડામાં પીસીબીના એએસઆઇ એમ.ડી. ઝાલા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફ રાજકોટ નજીક ખેરવા ગામની સીમમાં શિવશકિત ફાર્મ હાઉસ પાસે જાહેરમાં જુગાર રમતા વેપારી જય ચંદ્રકાંતભાઇ સુચક (ઉ.વ. ૩૨ રહે. ગાયત્રીનગર, ભકિતનગર સર્કલ પાસે), ધવલ કાંતીભાઇ છેલાણી (ઉ.વ. ૩૮ રહે. ગોપાલનગર, ઢેબર કોલોની પાસે), રાજેશ ગોવિંદભાઇ મેર (ઉ.વ. ૩૮ રહે. નારાયણનગર, મ.પરા, કોઠારીયા સોલવન્ટ), ભરત ધીરૂભાઇ ટાંક (ઉ.વ. ૩૭ રહે. ગોકુલપાર્ક, કોઠારીયા રોડ, મહેશ છગનભાઇ હતવાણી (ઉ.વ. ૩૯ રહે. ન્યુ ગણેશ સોસાયટી, કોઠારીયા રોડ), ગૌતમ ગુલાબગીરી અપારનાથી (ઉ.વ. ૩૫ રહે. રાધાનગર, લક્ષ્મીનગર શાક માર્કેટ પાસે) અને શીલ્પાબેન મનીષાભાઇ પાધરેશા (ઉ.વ. ૨૬ રહે. સદગુરૂનગર સોસાયટી, જયજવાન જયકિશાન મેઇન રોડ, મોરબી રોડ) ને રૂા. ૯૭,૪૫૦ ની રોકડ સાથે પકડી લીધા હતા. આમ વધુ પાંચ જૂગારધામમાંથી ચાલીસ પત્તાપ્રેમીઓને પકડી પોલીસે રંગમાં ભંગ પાડ્યો હતો.

જાલસીકા ગામના હુમલાખોરોના એક છોકરાને વસુંધરાના પાટીયે સરૈયા કુટુંબના કોઇએ મારકુટ કરી હોઇ તેનો ખાર રખાયો

# નવ શખ્સો તૂટી પડતા કાકાની હત્યા, ભત્રીજો ગંભીર

## વાંકાનેરના વસુંધરામાં દૂધ મંડળીના સંચાલક લાલાભાઇની મંડળીમાં ઘુસી શખ્સોએ તોડફોડ ચાલુ કરીઃ તેમનો ભાઇ અને દિકરો વચ્ચે પડતાં તેના પર હુમલોઃ એકની લોથ ઢળી, એક સારવારમાં

રાજકોટ તા. ૧૦

નાની મોટી વાતે હત્યાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. દરમિયાન વાંકાનેર તાલુકાના વસુંધરા ગામે સહકારી દૂધ મંડળી ચલાવતાં યુવાનની આ મંડળીમાં નજીકના જાલસીકા ગામેથી પાંચ અલગ અલગ કારમાં આવેલા ૯ શખ્સોએ છરી, પાઇપ, ધોકા, ધારીયા જેવા હથીયારો સાથે ઘુસી જઇ તોડફોડ ચાલુ કરતાં મંડળી સંચાલકનો સત્તર વર્ષનો પુત્ર અને સાડત્રી વર્ષના ભાઇ આ લોકોને તોડફોડ કરતાં અટકાવવા વચ્ચે પડતાં બંને પર હીચકારો હુમલો કરાયો હતો. જેમાં મંડળી સંચાલકના ભાઇનું મોત થયું છે જ્યારે તેના પુત્રને ગંભીર ઇજા થઇ છે. હુમલાખોર જાલસીકાના શખ્સોના કુટુંબના કોઇ છોકરાને જાલસીકાના પાટીયે મૃતકના કુટુંબી ભાઇ સાથે મારામારી થઇ આ મારામારીમાં મૃતક અને તેના ભાઇ સામેલ છે તેવી શંકા રાખી હુમલો કરાયો હતો. જેમાં કાકાની લોથ ઢળી હતી અને ભત્રીજાને ગંભીર ઇજા પહોંચી હતી.

હત્યાની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં વાંકાનેર તાલુકા પોલીસે હત્યાનો ભોગ બનનાર વિરમભાઇ સરૈયાના મોટા ભાઇ બેતાલીસ વર્ષના લાલાભાઇ સામંતભાઇ સરૈયા ની ફરિયાદ પરથી વાંકોનરના જાલસીકા ગામના નકુલ ઘનશ્યામભાઇ હુંબલ, વિશાલ વશાભાઇ ચાવડા, પરેશ નાગદાનભાઇ ડાંગર, લાલો ડાંગર, મુકેશ ડાંગર, માંડણ ડાંગર, પ્રભાત ડાંગર, એભલ ધીરૂભાઇ ડાંગર અને ધીરૂના ભાણેજ નિર્મળ અહિર વિરૂધ્ધ ગેરકાયદે મંડળી રચી ક્રેટા, અર્ટીગા, સ્કોર્પીયો, થાર, સ્વીફ્ટ કારમાં બેસી ફરિયાદી લાલાભાઇની દુધ સહકારી મંડળી ખાતે આવી અંદર પ્રવેશ કરી ગાળો દઇ અમારા છોકરાઓને કેમ માર્યો છે? કહી મંડળીમાં તોડફોડ કરી બાદમાં છરી, પાઇપથી હુમલો કરી ૧૭ વર્ષના ગૌતમ ઉર્ફે ગોપાલ લાલાભાઇ સરૈયાને તથા ૩૭ વર્ષના વિરમભાઇ સામંતભાઇ સરૈયાને આડેધડ છરીના ઘા મારી વિરમભાઇની હત્યા નિપજાવવાનો અને ફરિયાદી લાલાભાઇના દિકરા ગૌતમ ઉર્ફે ગોપાલને ગંભીર ઇજા પહોંચાડવાનો ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર લાલાભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું અને મારા બીજા બે ભાઇઓ સાંજે ઘરે હતાં. રાતે ઢોર દોઇહી દુધ લઇ હું અને નાનો ભાઇ વિરમભાઇ તથા મારો દિકરો ગૌતમ



ઉર્ફે ગોપાલ અમારી દુધ સહકારી મંડળીએ ગયા હતાં. અહિ ગ્રાહકો, મંડળીઓનું દુધ ભરતાં હતાં ત્યારે આશરે પોતા નવેક વાગ્યે મારા મામાના દિકરા ભરતભાઇએ ડોસલીધુનાથી મને ફોન કરી પુછેલુ કે તમારે કોઇ લપ છે કે કેમ? તમારા ગામ તરફ ગાડીયુ આવે છે. જેથી મેં કહેલું કે અમારે કોઇ લપ નથી. આ પછી નવે વાગ્યે અમારી મંડળી પાસે અલગ અલગ પાંચ ગાડી આવી હતી. જેમાંથી માણસો નીચે ઉતર્યા હતાં. જેમાં નકુલ, વિશાલ, પરેશ, લાલો, મુકેશ, માંડણ, પ્રભાત, એભલ અને ધીરૂનો ભાણેજ નિર્મળ હતાં. આ લોકોના હાથમાં લાકડીઓ, પાઇપ અને છરી હતાં. બધાએ અમને કારણ વગર ગાળો દીધી હતી અને મેં તેને ગાળો નહિ દેવા તેમજ શું વાંધો છે? તેમ કહેતાં આ લોકોએ તમે અમારા છોકરાને કેમ માર્યો? તેમ પુછતાં મેં કહેલું કે અમે કોઇને માર્યો નથી, જેને મારેલ હોય તેને પુછો કે ખરેખર કોણે માર્યો?

આ સાંભળી આ બધા મંડળી અંદર ઘુસી દુધ ઢોળવા માંડ્યા હતાં અને તોડફોડ કરવા માંડ્યા હતાં. જેથી મારો દિકરો ગોપાલ અને ભાઇ વિરમભાઇ આ લોકોને તોડફોડ કરતાં અટકાવવા વચ્ચે પડતાં ઝપાઝપી ચાલુ હથઇ હતી. જેમાં એક શખ્સે મારા દિકરા ગૌતમને માથામાં પાઇપનો ઘા મારી દેતાં તે પડી ગયો હતો. બાદમાં લાલ ટીશર્ટ પહેરેલા શખ્સે છરી કાઢી મારા ભાઇ વિરમભાઇને આડેધડ છાતી, વાંસામાં ઘા મારી દીધા હતા. આ વખતે મારા કુટુંબી ભાઇઓ શૈલેષભાઇ, લખમણભાઇ હાજર હોઇ દેકારો પડકારા કરતાં પાંચેય ગાડીઓમાં આવેલા બધા શખ્સો હથીયારો સાથે ગાડીમાં બેસી રાજકોટ તરફ ભાગી ગયા હતાં. દેકારો થતાં બીજા લોકો ભેગા થઇ જતાં હું તથા બીજા કુટુંબી ભાઇઓ મળી મારા દિકરા ગૌતમ ઉર્ફે ગોપાલ અને ભાઇ વિરમભાઇને કુવાડવા ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતાં. જ્યાં મારા દિકરાને માથામાં દસ ટાંકા લીધા હતાં.

તેને વધુ સારવાર માટે રાજકોટ રીફર કર્યો હતો. જ્યારે મારા ભાઇ વિરમભાઇને મૃત જાહેર કર્યા હતાં. બાદમાં અમને તપાસ કરતાં ખબર પડી હતી કે સાંજે પાંચેક વાગ્યે વસુંધરાના પાટીયા પાસે હોટેલ ધરાવતાં અમારા કુટુંબી ભાઇઓને જાલસીકાના છોકરા સાથે માથાકુટ થઇ હતી. તેનો ખાર રાખી જાલસીકાના શખ્સોએ મંડળી રચી વાહનોમાં આવી મારી દૂધ મંડળીમાં ઘુસી તોડફોડ કરી અમે છોકરા સાથે માથાકુટ કર્યાનું આળ મુકી છરી, ધોકા, પાઇપ, ધારીયા જેવા હથીયારોથી હુમલો કર્યો હતો. જેમાં મારા દિકરાને ગંભીર ઇજા થઇ હતી અને મારા ભાઇ વિરમભાઇનું મોત થયું હતું. તેમ વધુમાં લાલાભાઇએ જણાવતાં વાંકાનેર તાલુકા પોલીસ ઇન્સપેકટર બી. વી. પટેલે ગુનો નોંધી હત્યારાઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી. હત્યાનો ભોગ બનનાર વીરમભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં બીજા નંબરે હતાં. સંતાનમાં તેમને તેર અને અગીયાર વર્ષના બે દિકરા છે. પોતે મોટા ભાઇ લાલાભાઇની ડેરીએ બેસી દૂધનો ધંધો કરતાં હતાં. તેમના મૃતદેહને વાંકાનેર તાલુકા પોલીસે પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. અહિ મોટી સંખ્યામાં ભરવાડ સમાજના આગેવાનો, મૃતકના સગા સ્વજનો દોડી આવ્યા હતાં. યુવાન દિકરાની હત્યાથી વસુંધરાના ભરવાડ પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે.

# મનપાને સુપ્રીમ કોર્ટનો ઝટકો

## સિમેન્ટ રોડ વિવાદમાં કોન્ટ્રાક્ટર કંપનીને ૧૭ કરોડથી વધુ ચૂકવવા પડશે



રાજકોટ, તા. ૧૦

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને દોઢ દાયકા જૂના રૈયા રોડ અને નાના મવા સિમેન્ટ રોડના નિર્માણ વિવાદમાં કાનૂની મોરચે ભારે પરાજય સાંપડ્યો છે. વર્ષો જૂના કાનૂની વિવાદનો અંત આણતાં સુપ્રીમ કોર્ટે મનપાની અપીલ ફગાવી દીધી છે અને આ આદેશના પગલે હવે કોર્પોરેશનની તિજોરી પર ૧૭ કરોડથી વધુનો મોટો આર્થિક બોજ આવી પડ્યો છે.

રાજકોટના સૌપ્રથમ સિમેન્ટ રોડ તરીકે નાના મવા માર્ગ (નાના મવા ચોકથી મોકાજી સર્કલ) અને ત્યારબાદ રૈયા રોડ (રૈયા ચોકડીથી નવા રિંગ રોડ તરફના રૈયા ગામ સુધી) નું કરોડોના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું હતું. કૃણાલ સ્ટ્રક્ચર કંપની દ્વારા હાથ ધરાયેલા આ કામમાં સમયમર્યાદા અને ગુણવત્તા સહિતની કરારની શરતોનો ભંગ થયો હોવાના અહેવાલો તત્કાલીન અધિકારીઓએ રજૂ કર્યા હતા. તેના આધારે મનપાએ કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં ભરી સિક્યુરિટી ડિપોઝીટ જપ્ત કરવા સહિતની મોટી દંડનીય કાર્યવાહી કરી હતી.

મનપાની આ કાર્યવાહી સામે એજન્સી દ્વારા વર્ષ ૨૦૧૦માં ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. વડી અદાલતે આ મામલો આર્બિટ્રેટર (લવાદ) સમક્ષ મોકલવાનો આદેશ આપતાં વિવાદ લવાદ સમક્ષ પહોંચ્યો હતો, જ્યાં ચુકાદો એજન્સીની તરફેણમાં આવતા મહાપાલિકાને વિવાદિત રકમ જમા કરાવવાની ફરજ પડી હતી.

આ ચુકાદા સામે મહાપાલિકા દ્વારા સુપ્રીમ કોર્ટ સુધી અપીલ દાખલ કરવામાં આવી હતી, પરંતુ સર્વોચ્ચ અદાલતે પણ એજન્સીની દલીલો માન્ય રાખી મનપાની અપીલ ના મંજૂર કરી હતી. અંતે કાનૂની લડાઈમાં મનપાનો પરાજય થતાં હવે કોર્ટમાં અગાઉ જમા કરાવેલી રકમ સિવાયનો બાકી તફાવત અને તેના પરનું વ્યાજ મળીને અંદાજે ₹૧૭ કરોડથી વધુની રકમ કંપનીને ચૂકવવાનો વારો આવ્યો છે. પેનલ્ટીના કિસ્સામાં મહાપાલિકાને ભરવો પડેલો આ અત્યાર સુધીનો સૌથી મોટો આર્થિક દંડ માનવામાં આવી રહ્યો છે.

ભવિષ્યમાં મહાનગરપાલિકા કે સરકારી વિભાગોને આવા કાનૂની પરાજય અને તિજોરી પર કરોડો રૂપિયાના આર્થિક ફટકાનો સામનો ન કરવો પડે તે માટે વહીવટી, કાનૂની અને ટેકનિકલ સ્તરે વ્યાપક સુધારા કરવા જરૂરી છે. સૌથી પહેલાં તો કોન્ટ્રેક્ટ બનાવતી વખતે જ તેની શરતો, પેનલ્ટીના નિયમો અને ગુણવત્તાના માપદંડો કાયદાકીય રીતે એકદમ સ્પષ્ટ અને મજબૂત હોવા જોઈએ, જેથી બાદમાં કોઈ કાનૂની છટકબારી ન રહે. આ ઉપરાંત, કોર્ટ કે આર્બિટ્રેશન (લવાદ) સમક્ષ મહાપાલિકાનો પક્ષ નબળો ન પડે તે માટે વિષય નિષ્ણાત અને મજબૂત વકીલોની ટીમ રાખવી પણ તેટલી જ અનિવાર્ય છે.

બીજી તરફ, પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન થર્ડ પાર્ટી ઓડિટિંગ દ્વારા રોડ કે બાંધકામની ગુણવત્તા ચકાસવી જોઈએ. જો કોન્ટ્રેક્ટર કંપની કામમાં કોઈ ક્ષતિ રાખે કે કરારનો ભંગ કરે, તો માત્ર નોટિસો આપવાને બદલે લેબોરેટરી ટેસ્ટ રિપોર્ટ, ફોટોગ્રાફ્સ અને ટેકનિકલ પુરાવાઓ સાથેનો મજબૂત દસ્તાવેજી રેકોર્ડ તૈયાર કરવો જોઈએ. જો પૂરતા અને સચોટ પુરાવા રેકોર્ડ પર હોય, તો જ અદાલતમાં મનપાનો પક્ષ ટકી શકે છે.

અંતે, કરોડો રૂપિયાના દાવ પર હોય તેવા જૂના કાનૂની કેસોના નિયમિત રિવ્યૂ માટે એક ખાસ 'કેસ મોનિટરિંગ સેલ' બનાવવો જોઈએ. આ સાથે જ, જે કિસ્સાઓમાં અધિકારીઓની બેદરકારી, ટેકનિકલ ક્ષતિ કે નબળી રજૂઆતના કારણે મનપાને કરોડોનો દંડ ભરવાનો વારો આવે, તેમાં જવાબદાર અધિકારીઓ સામે કડક તપાસ કરી જવાબદારી નક્કી કરવી જોઈએ. જો આ તમામ તબક્કે પારદર્શિતા અને મજબૂત આયોજન રાખવામાં આવે, તો ભવિષ્યમાં આવા આર્થિક નુકસાનથી બચી શકાય છે.

# વિધાનસભામાં વંદે માતરમ-લઠ્ઠાકાંડ મુદ્દે ભારે હંગામો

## કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ જાહેરાત કરી હવેથી વંદે માતરમના તમામ પાંચેય છંદોના ગાયન વખતે કોંગ્રેસના તમામ ધારાસભ્યો ઊભા રહીને સન્માન આપશે

રાજકોટ, તા. ૧૦

ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રના બીજા દિવસે 'વંદે માતરમ'ના ગાયન અને ભાવનગર લઠ્ઠાકાંડના મુદ્દે શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ વચ્ચે તીખા આક્ષેપ-પ્રતિઆક્ષેપ સાથે ભારે હંગામો થયો હતો. ગૃહમાં અંદાજે એક કલાક સુધી ચાલેલી ચર્ચામાં બંને પક્ષો વચ્ચે ગરમ વાતાવરણ જોવા મળ્યું હતું.

વિધાનસભામાં વંદે માતરમના ગાયન વખતે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પ્રથમ બે પંક્તિઓ બાદ બેસી જતાં આ મુદ્દો ભારે ગરમાયો હતો. આ મામલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સિનિયર મંત્રી ઋષિકેશ પટેલ અને અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસ પર દેશની સંસદ દ્વારા મંજૂર કરાયેલા કાનૂનનો વિધાનસભામાં જ ભંગ કરવાનો આરોપ મૂક્યો હતો. હર્ષ સંઘવીએ જણાવ્યું કે કોંગ્રેસ વંદે માતરમનો વિરોધ કરીને ગુજરાતના લોકોને ખોટો સંદેશ આપી રહી છે, તેથી તેમણે વિધાનસભા અધ્યક્ષ પાસે ઈમરાન ખેડાવાલા સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા દરમિયાન ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાએ સ્વીકાર્યું હતું કે ઈમરાન ખેડાવાલાથી 'ભૂલ' થઈ છે. તેની સાથે જ તેમણે જાહેરાત કરી હતી કે વંદે માતરમના તમામ પાંચેય છંદોના ગાયન વખતે કોંગ્રેસના તમામ ધારાસભ્યો ઊભા રહેશે અને પૂર્ણ સન્માન આપશે. જોકે, અમિત ચાવડાની આ જાહેરાતે જબરું આશ્ચર્ય સર્જ્યું છે, કારણ કે રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસે માત્ર બે કડીઓ સુધી જ ઊભા રહેવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય નીતિથી વિરુદ્ધ જઈને નિર્ણય લેવા બદલ હવે કોંગ્રેસ હાઈકમાન્ડ અમિત ચાવડા પાસે ખુલાસો પૂછે તેવી પૂરી શક્યતા છે. બીજી તરફ, ઈમરાન ખેડાવાલાએ સ્પષ્ટતા કરી હતી કે બે કડીઓ બાદ બેસી જવાનો નિર્ણય તેમનો અંગત હતો અને તેને પક્ષ સાથે કોઈ લેવાદેવા નથી. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે પણ વ્યક્તિગત નિર્ણયને પક્ષ સાથે ન જોડવા અને આવા સંવેદનશીલ મુદ્દાઓ પર રાજકારણ ન રમવાની અપીલ કરી હતી.

ગૃહની અંદર વંદે માતરમનો મુદ્દો ગાજ્યો, તો બીજી તરફ ચોમાસું સત્રના બીજા દિવસે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ ભાવનગરના લઠ્ઠાકાંડ મુદ્દે ગૃહની બહાર બેનરો અને ''લઠ્ઠાકાંડ-હત્યાકાંડ''ના સૂત્રોચ્ચાર સાથે ઉગ્ર દેખાવો કર્યા હતા. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ વારંવાર થતા લઠ્ઠાકાંડથી લોકોના જીવ જઈ રહ્યા હોવાનો આરોપ લગાવતા રાજ્યને ''ઉડતા ગુજરાત''ની ઉપમા આપી હતી અને કટાક્ષ કર્યો હતો કે ગૃહમંત્રી રીલ બનાવવામાં વ્યસ્ત છે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યો બેનરો સાથે ગૃહ તરફ આગળ વધતાં પોલીસે તેમને અટકાવ્યા હતા, જેના કારણે ભારે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા.

આ હંગામા વચ્ચે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સીસીટીવી મુદ્દે કટાક્ષ કરતા કહ્યું કે સરકારે બૂટલેગરોના ઘરે સીસીટીવી કેમેરા લગાવવા જોઈએ. તેના જવાબમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પંજાબની આપ સરકાર પર નિશાન સાધતા વળતો પ્રહાર કર્યો હતો કે અમે પંજાબના ડ્રગ પેડલરોના ઘરે સીસીટીવી લગાવી દીધા છે. આમ, વિધાનસભાના બીજા દિવસે વંદે માતરમ અને લઠ્ઠાકાંડ જેવા મુદ્દાઓ પર શાસક અને વિપક્ષ વચ્ચે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો હતો.



**વિદ્યાર્થીઓનું વર્ષ બગડે નહીં તે માટે શાળાઓ બંધ કરવાના નિયમો અત્યંત કડક**

# શિક્ષણ ક્ષેત્રે સરકારની સર્જિકલ સ્ટ્રાઈક

## બોગસ અને ડમી શાળાઓના સંચાલકો સામે લાલ આંખ : રાજકોટ સહિત રાજ્યભરમાં બનેલી ઘટનાઓના પગલે સરકાર હરકતમાં

રાજકોટ, તા.૧૦

રાજ્યમાં વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા ખીલવાડ, ડમી શાળાઓના દૂષણ અને શૈક્ષણિક સ્ટાફના શોષણ સામે ગુજરાત સરકારે કડક વલણ અપનાવ્યું છે. કોઈપણ પ્રકારની નોંધણી, પરિક્ષા બોર્ડની માન્યતા કે જોડાણ વગર ગેરકાયદેસર રીતે ચાલતી ખાનગી અને ડમી શાળાઓ સામે હવે કાયદાનો કોરડો વીંઝાશે. હાલ ચાલી રહેલા રાજ્ય વિધાનસભાના સત્રમાં 'ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન (સુધારા) ખરડો-૨૦૨૬' રજૂ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૧૯૭૨ના મૂળ કાયદામાં સમયાનુકૂળ અને ધરખમ સુધારા કરતો આ પ્રસ્તાવ રજૂ કરીને સરકારે શિક્ષણ ક્ષેત્રે ગેરરીતિઓ આચરતા સંચાલકો સામે લાલ આંખ કરી છે.

આ નવા સુધારા પ્રસ્તાવ મુજબ શિક્ષણ બોર્ડ કે પરિક્ષા બોર્ડ પાસે યોગ્ય રજિસ્ટ્રેશન કે માન્યતા લીધા વગર ચાલતી વાસ્તવિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સામે આકરા પગલાં લેવામાં આવશે. અત્યાર સુધી આવા કેસોમાં માત્ર ૧ થી ૨ લાખ જેવો સામાન્ય દંડ કરીને સંચાલકો છૂટી જતા હતા, જેના કારણે ડમી શાળાઓનો કારોબાર બેફામ ફૂલ્યો-ફાલ્યો હતો. જોકે, નવા કાયદા હેઠળ આવી નહિ નોંધાયેલી કે ડમી ખાનગી શાળાના કેસમાં શાળાના સ્થાપક અને સંચાલક સામે કાનૂની કાર્યવાહી કરીને તેમને ૧ થી ૨ વર્ષ સુધીની જેલની સજા અને ૧૦ થી ૧૫ લાખ સુધીનો દંડ ફટકારવાની સખત જોગવાઈ કરવામાં આવી છે.

અનેક કિસ્સાઓમાં સંચાલકો અચાનક જ શાળા બંધ કરી દેતા હોવાથી વિદ્યાર્થીઓનું આખું શૈક્ષણિક વર્ષ અને ભવિષ્ય જોખમમાં મુકાઈ જતું હતું. આ મનસ્વી વર્તન પર રોક લગાવવા માટે પણ સરકારે કડક નિયમો બનાવ્યા છે. હવેથી જો કોઈ સંચાલક પૂરતા સમયની નોટિસ અને શિક્ષણ બોર્ડની મંજૂરી વગર અચાનક શાળા બંધ કરશે તો તેને ૨૦ લાખ સુધીનો ભારે દંડ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અગાઉ આ દંડની રકમ માત્ર ૧૦૦૦ હતી, જેમાં હવે અબૂઝપૂર્વકનો વધારો કરાયો છે. આ ઉપરાંત, શાળા બંધ કરતા પહેલા શિક્ષણ બોર્ડ અને વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા છ મહિના અગાઉ લેખિતમાં જાણ કરવી કાયદાકીય રીતે ફરજિયાત બનાવવામાં આવી છે.

શાળાઓમાં પ્રિન્સિપાલ અને શિક્ષકોની ગેરકાનૂની રીતે થતી ભરતીઓ અટકાવવા માટે દંડની રકમ ₹૧૦૦૦ થી સીધી વધારીને ₹૧૦ લાખ કરી દેવામાં આવી છે. આ સાથે જ શૈક્ષણિક અને નોન-ટીચિંગ સ્ટાફની નોકરીની સલામતી માટે પણ મહત્વપૂર્ણ કાનૂની રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. ઘણીવાર સંચાલકો દ્વારા પ્રિન્સિપાલ કે શિક્ષકોને મનસ્વી રીતે સસ્પેન્ડ કરી દેવામાં આવતા હતા. નવા કાયદા મુજબ, જો કોઈ હેડમાસ્ટર, પ્રિન્સિપાલ કે શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવે તો તે દરખાસ્ત મંજૂરી માટે બોર્ડ-ઓથોરિટીને મોકલવી પડશે. બોર્ડે આ અંગે ૪૫ દિવસમાં આખરી નિર્ણય લેવો પડશે, અને જો ૪૫ દિવસમાં નિર્ણય નહીં લેવાય તો સંબંધિત શિક્ષક કે પ્રિન્સિપાલનું સસ્પેન્શન આપોઆપ રદ થઈ જશે.




### ગ્રાન્ટેડ શાળાઓમાં અનામત નીતિનો અમલ અને ભરતીના ધોરણો નિશ્ચિત

આ સુધારા વિધેયક હેઠળ ગ્રાન્ટેડ ખાનગી શાળાઓને પણ વધુ મજબૂત કાનૂની માળખા હેઠળ આવરી લેવામાં આવી છે. ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકો, હેડમાસ્ટર અને નોન-ટીચિંગ સ્ટાફની નિયુક્તિ માટેના શૈક્ષણિક લાયકાતના ધોરણો સ્પષ્ટપણે નિશ્ચિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, આવી તમામ ભરતીઓમાં રાજ્ય સરકારની અનામત નીતિનો ચુસ્તપણે અમલ કરવો ફરજિયાત રહેશે. સરકારના આ ઐતિહાસિક પગલાથી શિક્ષણ ક્ષેત્રે ચાલતી ગેરરીતિઓ, ડમી સ્કૂલોના કૌભાંડો અને સ્ટાફના શોષણ પર કાયમી વિરામ આવશે તેવી પૂરેપૂરી શક્યતા છે.

### વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હિતોનું રક્ષણ કરવા લેવાયો નિર્ણ

છેલ્લા કેટલાક સમયથી ધોરણ ૧૧-૧૨માં NEET, JEE કે GUJCET જેવી કોચિંગ ઇન્સ્ટિટ્યૂટ સાથે સેટિંગ કરીને ''ડમી સ્કૂલ'' ચલાવવાનો ક્રેઝ ખૂબ વધ્યો હતો. વિદ્યાર્થીઓ માત્ર હાજરી પૂરાવવા કાગળ પર શાળામાં નામ રાખતા અને શાળાએ જતાં જ નહોતા. આનાથી નિયમિત શિક્ષણ વ્યવસ્થા ભાંગી પડી રહી હતી. માન્યતા વગરની કે બોગસ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની માર્કશીટ કે ડિગ્રી પાછળથી ગેરકાયદે ઠરતી હતી, જેના કારણે ઉચ્ચ અભ્યાસ કે એડમિશન સમયે વિદ્યાર્થીઓનું આખું કરિયર બગડતું હતું. ખાનગી શાળાઓમાં શિક્ષકોને પૂરતો પગાર ન આપવો, ગેરકાયદે ભરતીઓ કરવી, અથવા વાંક-ગુના વગર અચાનક નોકરીમાંથી સસ્પેન્ડ કે છૂટા કરી દેવા જેવી મનમાની પર લગામ કસવી જરૂરી હતી.૧૯૭૨ના જૂના કાયદામાં દંડની રકમ માત્ર ૧૦૦૦ કે ૧-૨ લાખ જેટલી મામૂલી હતી. મોટા સંચાલકો માટે આ દંડ ભરીને છૂટી જવું સરળ હતું. દંડની રકમ ૧૦ થી ૨૦ લાખ અને જેલસજા કરવાથી કાનૂની ડર ઊભો થશે.